**આજનો સુવિચાર**

દરરોજ સવારે આપણને અહેસાસ કરાવે છે કે એક નવી તક આપણી રાહ જોઈ રહી છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૬૦ જૂનાગઢ તા.૨૨-૦૨-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 60, Junagadh : Date : 22 February, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay



વિકસિત ભારત વિકસિત ગુજરાત

માનનીય વડાપ્રધાન

**શ્રી નરેન્દ્રભાઈ મોદીના**

વરદ્દહસ્તે



## વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા

## કુલ ₹ ૪૪ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનો

### લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ



### લોકાર્પણ અને ખાતમુહૂર્તનાં કામોની યાદી

- ₹ ૨૨,૫૦૦ કરોડથી વધુનાં ખર્ચે કાકરાપાર એટોમિક પાવર પ્રોજેક્ટના 3 અને ૪ યુનિટ થકી પેદા થશે સ્વચ્છ ઊર્જા
- નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ₹ ૧૦,૦૦૦ કરોડથી વધુનાં કાર્યો કરશે રાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્રે મજબૂતીકરણ
- માર્ગ અને મકાન વિભાગના ₹ ૨,૦૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી નાગરિકોની પરિવહનની સરળતામાં વધારો
- ભારતીય રેલવેના ₹ ૧,૧૦૦ કરોડથી વધુનાં કાર્યો આપશે આંતરરાજ્ય મુસાફરીને વેગ
- સુરત મહાનગર પાલિકા, SUDA અને ડ્રીમ સિટીના ₹ ૫,૦૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી ઈઝ ઓફ લીવિંગને મળશે વેગ
- ₹ ६०० કરોડથી વધુનાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં વિકાસકાર્યો પ્રદૂષણ નિયંત્રણમાં આપશે યોગદાન
- જળ સંપત્તિ વિભાગના ₹ 300 કરોડથી વધુનાં વિકાસકાર્યો થકી દૂર તથા વંચિત પ્રદેશોને પાણીનું કનેક્શન મેળવવામાં મળશે લાભ
- વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ₹ ૧૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી આવનારી પેઢીનું વિજ્ઞાન ક્ષેત્રે ઉજ્જવળ ભવિષ્ય
- પાણી પુરવઠા વિભાગના ₹ ૫૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી નાગરિકોની રોજીંદી જીવનશૈલીમાં આવશે સરળતા
- આદિજાતિ વિકાસ વિભાગના ₹ ૧૦૦ કરોડથી વધુનાં કાર્યો બનશે આદિજાતિ ભાઈ-બહેનો માટે પ્રગતિનું સરનામું
- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ₹ ७५ કરોડથી વધુનાં કાર્યો દ્વારા કૌશલ્યવર્ધન વિકાસને મળશે બળ
- ગૃહ વિભાગનાં ₹ ૨૦૦ કરોડથી વધુના કાર્યો કરશે વ્યવસ્થાપનનું વિસ્તૃતિકરણ
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ₹ ૯૦૦ કરોડથી વધુના કાર્યો શહેરીજનો માટે બનશે પ્રગતિશીલ લાઈફસ્ટાઈલનું સીમા ચિહ્ન
- પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના ₹ ૪૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્ય દ્વારા ભૂમિ પ્રદૂષણ અને જળ પ્રદૂષણના જોખમ પર નિયંત્રણ
- **PM MITRA** (મેગા ટેક્સટાઈલ પાર્ક) ની કામગીરીનો પ્રારંભ

ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

અતિથિ વિશેષ

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય સંસદસભ્ય (લોકસભા) નવસારી, ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ

**શ્રીમતી દર્શનાબેન જરદોશ**
માનનીય કેન્દ્રીય રા. ક. મંત્રી, રેલવે અને કાપડ ઉદ્યોગ

**શ્રી કનુભાઈ દેસાઈ**
માનનીય મંત્રી, નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, ગુજરાત

**શ્રી બલવંતસિંહ રાજપુત**
માનનીય મંત્રી, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત

**ડૉ. કુબેરભાઈ ડીંડોર**
માનનીય મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ગુજરાત

**શ્રી હર્ષભાઈ સંઘવી**
માનનીય મંત્રી (રા.ક.) ગૃહ અને ઉદ્યોગ, ગુજરાત

**શ્રી મુકેશભાઈ પટેલ**
માનનીય મંત્રી (રા.ક.), વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા, ગુજરાત


**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
માનનીય મંત્રી (રા.ક.), આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : DD NEWS ડી ડી ન્યુઝ X CMOGuj f CMOGuj CMOGujarat CMOGujarat | તારીખ: ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ | સમય: સાંજે ૪:૦૦ વાગે | સ્થળ: પીએમ મિત્ર ટેક્સટાઈલ પાર્ક, વાંસી-બોરસી ગામ, નવસારી



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્દહસ્તે

વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા

ભારત સરકાર અને ગુજરાત સરકારના
કુલ ₹૧૩,૦૦૦ કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનાં

# લોકાર્પણ અને ખાતમુહૂર્ત



| | | |
|---|---|---|
| વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ₹૨૫૦૦ કરોડથી વધુના ૪ પ્રકલ્પો | રેલવે મંત્રાલયના ₹૨૩૦૦ કરોડથી વધુના ૫ પ્રકલ્પો | પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના ₹૨૧૦૦ કરોડથી વધુના ૨ પ્રકલ્પો |
| માર્ગ અને મકાન વિભાગના ₹૧૭૦૦ કરોડથી વધુના ૨૧ પ્રકલ્પો | સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, ભારત સરકાર તથા માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકારના ₹૧૬૦૦ કરોડથી વધુના ૨ પ્રકલ્પો | વિવિધ વિભાગોના ₹૨૮૦૦ કરોડથી વધુના ૨૩ પ્રકલ્પો |

ભારતીય વાયુસેનાનું ડીસા ખાતે નિર્માણ પામનાર વાયુ મથક દેશના સંરક્ષણ અને આર્થિક સમૃદ્ધિને સક્ષમ બનાવશે.
વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા માર્ગો, પુલ, રેલવે લાઈન, મકાનો, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક સંસ્થાનો તેમજ પ્રવાસન અંતર્ગત વિવિધ પ્રકલ્પોના નિર્માણથી દેશની સમૃદ્ધિમાં અને નાગરિકોની સુવિધામાં વધારો થશે.

ગરિમામયી ઉપસ્થિતિ

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

:: વિશેષ ઉપસ્થિતિ ::

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય સંસદસભ્ય (લોકસભા), નવસારી, ગુજરાત

**શ્રી ઋષિકેશ પટેલ**
માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

**શ્રી બલવંતસિંહ રાજપુત**
માનનીય મંત્રી, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત

**શ્રી કુંવરજીભાઈ બાવળીયા**
માનનીય મંત્રી, જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો, ગુજરાત

**શ્રીમતી ભાનુબેન બાબરીયા**
માનનીય મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત

**શ્રી ભીખુસિંહજી પરમાર**
માનનીય રા. ક. મંત્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારિતા, ગુજરાત

DD NEWS Live Telecast on DD NEWS

તારીખ : ૨૨-૦૨-૨૦૨૪, ગુરુવાર | સમય : ૧૧-૦૦ વાગે | સ્થળ : વાળીનાથ મહાદેવ મંદિર, ઊંઝા વિસનગર રોડ, મુ. તરભ, તા. વિસનગર, જિ. મહેસાણા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ઈઝરાયલની કોઈ વિદેશ નીતિ નથી, ફકત ઘરેલુ રાજનીતિ છે

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલતા યુદ્ધને અટકાવવા માટે વધુ એક પ્રસ્તાવ પર ચર્ચા થઈ છે. જોકે આ પ્રસ્તાવની શરતો પર નજર નાખવામાં આવે તો તત્કાળ કોઈ સહમતિ બને તેવા ઓછા અણસાર જોવા મળે છે. આ લડાઈ છેડાયાને ચાર માસ ઉપરાંતનો સમય પૂરો થવામાં છે. જેમાં ૨૭ હજારથી વધુ લોકો માર્યા ગયા છે. અમેરિકાની મોટી સૈન્ય ઉપસ્થિતિ અને કૂટનીતિક પ્રયાસો છતાંયે આ લડાઈમાં હવે મિસાઈલ અને ડ્રોન હૂમલાના રુપમાં લેબનોન, યમન, સીરીયા, ઈરાક અને જોર્ડન સહિત આસપાસના દસ દેશોમાં લડાઈ ફેલાઈ ચૂકી છે. યમનના ઈરાન સમર્થક હૂતી આતંકીઓના હૂમલાથી લાલ સાગરમાં થતા સમુદ્રી વ્યાપારને ખાસ્સી અસર પહોંચી છે. આ જહાજોએ આફિક્રાનું ચકકર કાપીને યૂરોપ-અમેરિકા જવું પડી રહ્યું છે, જેના કારણે કિંમતો વધી રહી છે.

અમેરિકામાં આ ચૂંટણી વર્ષ છે અને યુરોપમાં ચાલી રહેલ યુક્રેન-રશિયાની લડાઈમાં યુક્રેન રશિયાને ખદેડી શકતું નથી. આવા સમયમાં અમેરિકા એવી કોઈપણ લડાઈમાં ઉતરવા માંગતું નથી જેનાથી રશિયાને યુક્રેનની તરફ જમીન હડપવામાં અને યૂરોપમાં કાયમી દબદબો કરવાની તક સાંપડે. આ કારણથી અમેરિકાએ સીરિયામાં જોર્ડનની સીમા પર સ્થિત પોતાના સૈન્ય અડ્ડા પર ૨૮ જાન્યુ.થી ડ્રોન હૂમલાનો તત્કાળ જવાબ આપવાના બદલે સમજી-વિચારીને જવાબ આપવાનો નિર્ણય કર્યો છે. ડ્રોન હૂમલામાં અમેરિકાના ત્રણ સૈનિકો માર્યા ગયા હતા અને ૩૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. જો કે ઈરાને આ હૂમલામાં પોતાની પ્રત્યક્ષ કે પરોક્ષ ભૂમિકા હોવાનો સ્પષ્ટ ઈક્રાર કર્યો હતો. પરંતુ અમેરિકાનું માનવું છે કે આ હૂમલો સીરિયામાં સક્રિય જૈનબિયૂન બ્રિગેડ અને ફતેમિયુન ડિવિજનના કે ઈરાનમાં સક્રિય ઈસ્લામી પ્રતિરોધ મોરચાના કોઈ જૂથ દ્વારા કરાયો છ. જેઓને પ્રશિક્ષણ અને હથિયાર ઈરાનના ઈસ્લામી ક્રાંતિકારી ગાર્ડ આપી રહ્યા છે. અમેરિકી રક્ષામંત્રી લાયડ આસ્ટિને સ્વીકાર્યુ હતું કે, હમાસ-ઈઝરાયલ યુદ્ધ બાદથી ઈરાક અને સીરિયામાં સ્થિત અમેરિકી ઠેકાણાઓ પર ૧૬૦ હૂમલા થયા છે. જો કે પોતાનું નાક બચાવવા અમેરિકાએ ઈરાન સમર્થિત ઈસ્લામી પ્રતિરોધ જૂથોના ઠેકાણાઓ પર જવાબી હવાઈ હૂમલા કર્યા હતા. જો કે અમેરિકા લડાઈ ફેલાવવા ઈચ્છતું નથી. આથી તે પોતાના અરબ મિત્ર દેશોની સાથે મળીને લાંબા યુદ્ધ વિરામના એક સોદા પર કામ કરી રહ્યું છે. અમેરિકાની સાથે સાથે મિસરની દિલસ્પી પણ યુદ્ધવિરામમાં સૌથી વધુ છે. કારણ કે સ્વેજ નહેર તેની આવકનો મુખ્ય સ્ત્રોત છે અને લાલ સાગરનો વ્યાપાર ઠપ્પ થવાની સ્વેજ નહેરથી મળનાર આવક ઘટી ગઈ છે. આથી હમાસ નેતા ઈસ્માઈલ હાનિયાએ ગત દિવસોમાં કાહિરા જઈને નવા યુદ્ધવિરામ પ્રસ્તાવ પર બે દિવસ સુધી વિચાર કર્યો હતો. આ સોદામાં બે અડચણો છ. હાનિયાની ઈચ્છા બંધકોનો છૂટકારો અને યુદ્ધવિરામ બાદ ઈઝરાયલ ગાઝાથી હટી જાય તેમજ આંતરરાષ્ટ્રીય સેનાની દેખરેખમાં ફલીસ્તાનના રાજનીતિક સમાધાનની વાતચીત શરુ કરવામાં આવે. જો કે નેતન્યાહૂ ગાજાથી હમાસનું નામનિશાન મિટાવ્યા વગર હટવાનું ઈચ્છતા નથી.

ઈઝરાયલ-હમાસ યુદ્ધ એક નાજુક સ્તરે છે. જેમાં એક રસ્તો બંધકોના બદલામાં લાંબા સમય સુધી યુદ્ધ વિરામ છે. જેનો પ્રયોગ અમેરિકા અને અરબ દેશો સાથે મળીને સુલેહની રુપરેખા તૈયાર કરી શકે, જેના સહારે અરબ કે આંતરરાષ્ટ્રીય દેખરેખમાં ગાઝા અને પશ્ચિમી કિનારે નવું ફલસ્તીની શાસન કાયમી બની શકે. ઈઝરાયલની સુરક્ષાથી જીવવાનો ભરોસો મળી શકે અને ફલીસ્તીનીયોને સ્વતંત્રતાથી જીવવાનો અને પોતાની સરકાર બનાવવાનો હક મળી શકે. જો આ શકય બને તો ઈઝરાયલ અને સઉદી અરબના સંબંધો વધવાની પ્રકિયાને વેગ મળશે તેમજ અમેરિકાની પ્રસ્તાવિત ભારત-પશ્ચિમ એશિયા કોરિડોર યોજના પણ આગળ વધી શકશે. જો કે તેમાં બે મોટી વિટંબણા છે. ગાઝામાં થયેલ સંહાર અને વિનાશ બાદ હમાસ જેવા સંગઠનો પુનઃ ઉભા થાય તો તેને કોણ રોકશે? બીજી વિટંબણા એ છે કે યહૂદી વસ્તી,કે જેને ઈઝરાયલે છેલ્લા ૫૭ વર્ષોથી કબજા દરમ્યાન ફલીસ્તીનીઓને પશ્ચિમી કિનારે વસાવ્યા છે, ત્યાંથી હટાવી શકાશે? જો કે બીજો રસ્તો યુદ્ધવિરામની જગ્યા સીમિત અને લિક્ષત યુદ્ધ યથાવત રાખવાની તરફે જાય છે. જેના પર નેતન્યાહૂ અડગ રહેવા ઈચ્છે છે. કારણ કે તેમનું રાજનીતિક અસ્તિત્વ આ બાબત પર ટકેલું છે. હમાસનો સંપૂર્ણ સફાયો ન થાય ત્યાં સુધી તેઓ હૂમલા રોકવા ઈચ્છતા નથી. આ બાબતનો સૌથી મોટો ખતરો એ છે કે આટલો વ્યાપક સંહાર અને વિનાશ બાદ ફલીસ્તીનીઓની સાથે અરબ દેશોમાં પણ ઈઝરાયલ અને પશ્ચિમના પ્રતિરોષની ભાવના ફેલાઈ શકે છે, જે હમાસ જેવા સંગઠનો માટે જમીન તૈયાર કરી શકે છે. પશ્ચિમી કિનારે અને લેબનાનમાં પહેલેથી જ રોષ ફેલાયેલો છે. હિઝબુલ્લાનું કોઈ રોકેટ ઈઝરાયલી વસ્તીને ક્ષતિ પહોંચાડવાની ઘડીએ જ ઈઝરાયલ પોતાની ઉત્તરી સીમા પરની લડાઈમાં કૂદી શકે છે. યમન, સીરીયા અને ઈરાકમાં ઈરાન સમર્થક પ્રતિરોધી જૂથ અમેરિકી અડ્ડાઓને નિશાન બનાવી રહ્યા છે. કોઈ જહાજ કે ઠેકાણાને મોટું નુકસાન થવાના સંજોગોમાં અમેરિકા પણ યુદ્ધમાં ઝંપલાવી શકે છે. લાલ સાગરનો રસ્તો બંધ થવાના કારણે વિશ્વ વ્યાપારને નુકસાન થઈ રહયું છે. સમસ્ત પશ્ચિમ એશિયામાં લડાઈ ફેલાવાના કારણે અને યુદ્ધમાં ઈરાને ઝંપલાવ્યું હોવાથી તેલની કિંમતોમાં વધારો થવાની ભીતિ રહેલી છે. જો કે યુદ્ધની ભયાવહ આશંકાઓને જોતા ભલાઈ એમાં રહેલી છે કે ઈઝરાયલી પ્રજા જ પોતાની સરકાર બદલે અથવા તેની પર યુદ્ધ વિરામનું દબાણ ઉભું કરે. અમેરિકાના પ્રસિદ્ધ રાજનાયક હેનરી કિર્સિજરે યથાર્થ કહયું છે કે, ઈઝરાયલની કોઈ વિદેશ નીતિ નથી, ફકત ઘરેલુ રાજનીતિ છે.

# માણાવદરમાં ગુજરાત સાહિત્ય અકાદમી અને સ્થાનિક શાળાઓના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ

## વિશ્વ માતૃભાષા દિવસે ગુજરાતી ભાષાના અમર સર્જકોને યાદ કરાયા






જૂનાગઢ તા.૨૨

લાગણીનાં જળ વડે મર્દન કરૂ છું,
શબ્દો કાગળ પર ઘસી ચંદન કરૂ છું,
બે ગઝલ બે કવિતાના પુષ્પો અર્પણ કરી,
પ્રથમ માતૃભાષાને વંદન કરૂ છું
વાત મારી જેને સમજાતી નથી;
એ ગમે તે હોય ગુજરાતી નથી.!
એ જ વાતથી ગજ ગજ ફૂલે છાતી;
હું ને મારી ભાષા બન્ને ગુજરાતી.!

માણાવદરના ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરતા વિદ્યાર્થીઓ અને તજજ્ઞ વકતાઓએ માતૃભાષા ગુજરાતીનો મહિમા વર્ણવતા ઉક્ત પંક્તિઓની પ્રસ્તુતિ કરી હતી. સાથે જ ગુજરાતી ભાષાના અમર સર્જકો એવા નરસિંહ મહેતા પ્રેમાનંદ, નર્મદ, ઝવેરચંદ મેઘાણી, કાકા કાલેલકર વગેરેના જીવન કવન અને સર્જનનું સ્મરણ કરવામાં આવ્યું હતું.


જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી લતાબેન ઉપાધ્યાયે જણાવ્યું કે, વિશ્વ ભાષા અંગ્રેજી છે તેને સ્વીકારીએ પરંતુ આપણી માતૃભાષા ગુજરાતીની અવગણના ન થાય તેની વિશેષ તકેદારી રાખીએ, વિદ્યાર્થીઓ પણ પોતાની માતૃભાષામાં વધારે સારી રીતે શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે, એક સંશોધન મુજબ માતૃભાષામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રગતિ સવિશેષ હોય છે. સાથે તેમણે વિદ્યાર્થીઓને સ્પષ્ટ ઉચ્ચાર સાથે રોજિંદા જીવનમાં શિષ્ટ ભાષાનો ઉપયોગ કરવા માટે અનુરોધ કર્યો હતો. ઉપરાંત વિદ્યાર્થીઓને પોતાના પરિવારજનોમાં ખાસ કરીને માતાઓ-બહેનોને મતદાન કરવા માટે શપથ લેવડાવવા માટે પણ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે અધ્યાપક અને કવિ જયંત કોરડીયાએ વિદ્યાર્થીઓની પ્રસ્તુતિઓને બિરદાવતા જણાવ્યું કે, અંગ્રેજી ભાષાનો વિરોધ ન હોઈ શકે પરંતુ ગુજરાતી ભાષાના ભોગે અંગ્રેજીને મહત્વ ન આપી શકાય. નવી શિક્ષણ નીતિમાં પણ માતૃભાષા ને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, સાથે જ રાજ્ય સરકાર દ્વારા પણ ગુજરાતી ભાષાની કાળજી લેવામાં આવી રહી છે, તેમ જણાવતા કહ્યું કે, માતા, માતૃભાષા અને માતૃભૂમિના આપણે કાયમ ઋણી રહીએ છીએ. તેમણે વિશ્વમાં અને ભારતમાં બોલાતી માતૃ ભાષાઓની આંકડાકીય જાણકારી પણ આપી હતી.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાધ્યાપક શ્રી ભરત મેસીયાએ જણાવ્યું કે, અંગ્રેજી એક ભાષા તરીકે સ્વીકૃત છે પરંતુ માધ્યમ તરીકે નહીં. તેમણે વિદ્યાર્થીઓને હળવાસભરી અને અને રસપ્રદ રીતે માતૃ ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. માણાવદરના બાવાવાડી વિસ્તારના જલારામ મંદિર ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી અને પે સેન્ટર શાળા-૨ માણાવદર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- જૂનાગઢ, લાયન્સ હાયર સેકન્ડરી સ્કુલ, જીનીયસ સ્કુલ, રઘુવંશી મહિલામંડળ, ઉમિયા મંડળ-માણાવદર તથા પુસ્તક પરબ માણાવદરના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમટીપીઈઓશ્રી વાઘેલા, બી.આર. સી. કો. ઓ. ભાટુ અને ઝાલા, શૈક્ષિક મહાસંઘ માણાવદરના પ્રમુખશ્રી કંડોરિયા, ઉત્કર્ષ મંડળ માણાવદરના પ્રમુખ મકવાણા, અનિલભાઈ ગાથા, ડો. પંકજભાઈ જોશી, ભારતીબેન તન્ના તથા રઘુવંશી મહિલા મંડળના બહેનો, શ્રીમતી અલ્પાબેન ભીમજીયાણી તેમજ ઉમિયા મંડળના બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા પે સેન્ટર શાળા-૨ આચાર્ય ઈમ્તિયાઝ કે. કાઝી તેમજ માણાવદરની ટીમ, નીરવ દત્તાણી અને જીનિયસ સ્કુલની ટીમ તેમજ ચુડાસમા અને લાયન્સ સ્કૂલની ટીમે ખાસ જહેમત ઉઠાવી હતી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી સૌરાષ્ટ્રના નાગરિકોને રૂા.૩૮૮૨ કરોડના નેશનલ હાઈવેના વિકાસ-કામોની આપશે ભેટ

**રૂા.૧૫૫૪ કરોડના ખર્ચે સામખીયાળી-સાંતલપુર વચ્ચે બનનારા સિક્સ લેન નેશનલ હાઈવેનું ખાતમુહૂર્ત : ભાવનગર-તળાજા વચ્ચે રૂા.૧૧૮૫ કરોડના ફોરલેન હાઈવે અને ભાવનગર-પીપળી વચ્ચે રૂા.૧૧૪૩ કરોડના નેશનલ હાઈવેનું લોકાર્પણ**



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૨

રાષ્ટ્રીય ધોરીમાર્ગો દેશની આર્થિક કરોડરજ્જુ છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગોનો વિકાસ જે-તે વિસ્તારની પ્રગતિને વેગવાન બનાવે છે. ત્યારે તા. ૨૫મી ફેબ્રુઆરીએ રાજકોટમાં યોજાનારા કાર્યક્રમમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સૌરાષ્ટ્ર વિસ્તારના સામખીયાળી-સાંતલપુર નેશનલ હાઈવે, ભાવનગર-તળાજા નેશનલ હાઈવે અને ભાવનગર-પીપળી નેશનલ હાઈવે ઉપરના કુલ આશરે રૂા.૩૮૮૨ કરોડના વિકાસ કામોના ઓનલાઈન ખાતમુહુર્ત અને લોકાર્પણ કરવામાં આવશે. રેસકોર્ષ મેદાન ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં કચ્છ અને પાટણને જોડતા સામખીયાળીથી સાંતલપુર નેશનલ હાઈવે-૨૭ પર રૂા.૧,૫૫૪ કરોડના ખર્ચે બનનારા આશરે ૯૦.૯૦ કિલોમીટર લંબાઈના સિક્સલેન હાઈવેનું ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે. આ હાઈવે હરિયાણા, પંજાબ, કાશ્મીર તથા હિમાચલ પ્રદેશ જેવા જમીનથી ઘેરાયેલા રાજ્યોને ગુજરાતના મુખ્ય વ્યાપારી બંદરો એવા કંડલા, મુન્દ્રા અને જામનગર સાથે જોડવા માટે મુખ્ય માર્ગ તરીકે ઉપયોગી બનશે. તેમજ પાટણ, કચ્છ, મોરબી અને રાજકોટના મુસાફરોને વધુ ઝડપી અને સલામત કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ ઉપરાંત, સૌરાષ્ટ્ર વિસ્તારના વિકાસ માટે લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડવા અને પ્રવાસનને ટેકો આપવા ભાવનગરથી તળાજા જૂના નેશનલ હાઈવે ૮-ઈના આશરે ૪૮.૦૪૫ કિલોમીટરની લંબાઈના ફોરલેન હાઈવેના રૂા.૧૧૮૫ કરોડના કામોનું લોકાર્પણ કરવામાં આવશે. તેમજ ભાવનગરથી પીપળી નેશનલ હાઈવેના ૩૨.૫૧૦ કિલોમીટરની લંબાઈના ફોરલેન હાઈવેના રૂા.૧૧૪૩ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ થશે. આ બંને પ્રોજેક્ટથી અલંગ બંદરનો વિકાસ થશે. તથા દીવ અને સોમનાથના મત્સ્યોદ્યોગ અને સિમેન્ટ ઉદ્યોગોના માલસામાનની હેરફેરમાં સરળતા થતા સ્થાનિક અર્થવ્યવસ્થાને વેગ મળશે. ઉલ્લેખનીય છે કે નેશનલ હાઈવેના ત્રણેય પ્રોજેક્ટનો આશય સ્થાનિકોને રોજગારીની તકો પૂરી પાડવાનો, માર્ગ સલામતી સુનિશ્ચિત કરવાનો, ઉત્તમ પરિવહન સુવિધાઓ આપવાનો અને મુસાફરીના સમયની બચત કરવાનો છે. જે આર્થિક, સામાજિક અને આરોગ્ય વિષયક સ્થાનિકોના જીવનધોરણની ગુણવત્તાને સુધારા તરફ દોરી જશે. પર્યાવરણની દ્રષ્ટિએ જોઈએ તો ટ્રાફિક ઓછો થતાં પ્રદૂષણના સ્તરમાં ઘટાડો થશે. તેમજ એવન્યુ વૃક્ષારોપણ આજુબાજુના વિસ્તારને હરિયાળું બનાવવામાં મદદરૂપ થશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ચોટ પહોંચાડનારને ચોટ ખાવી પડે છે.

- તૈલંગસ્વામી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૧૩ ભગવાન શ્રી વિશ્વકર્મા જયંતિ, શ્રી મોઢેશ્વરી પાટોત્સવ (મોઢેરા), સાંજે ૪:૪૩ ક.થી ગુરૂ પુષ્યામૃત સિધ્ધિ યોગ તા.૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૧૧, પુષ્ય નક્ષત્ર, સૌભાગ્ય યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૨૧, સૂ.અ.૬:૫૦

આજનો દિવસ બપોરે ૧:૨૧ ક. સુધી શુભ છે.


આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: યશ, માનમાં ભાગીદાર બનશો. પ્રિયતમથી વિશેષ લગાવ રહે.
વૃષભ:આર્થિક લાભ મળે. નવિન શુભ સમાચાર મળે.
મિથુન:આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃત્તિ ન રાખવી.
કર્ક: મનની મૂંઝવણ દૂર થાય. સમયથી અટકી પડેલા કાર્યો પુર્ણ થાય
સિંહ: મહત્વના કાર્યમાં સફળતા મળે. તકનો લાભ ઉઠાવજો.
કન્યા: આનંદપૂર્ણ દિવસ વિતે, વ્યર્થ ચિંતા દૂર થાય.
તુલા: કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. અટકેલા નાણાં છૂટા થાય.
વૃશ્ચિક:ગૃહસ્થી જીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
ધન: મનની મુરાદ બર આવે. આર્થિક લાભ મળે.
મકર: કાર્યબોજ વિશેષ રહે. ક્રોધ રહ્યા કરે. મૂંઝવણમાંથી ઉકેલ મળે.
કુંભ: અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્ય સફળતા મળે.
મીન: શેર-સટ્ટા અને લોટરીમાં લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.

## રાજકોટ- સુરેન્દ્રનગર રેલવે ડબલ ટ્રેકિંગ પ્રોજેક્ટનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ

# રૂા.૧૩૫૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૧૧૬ કિલોમીટર લાંબી રેલવે લાઈનથી રાજકોટ-અમદાવાદ વચ્ચેનો રેલ વ્યવહાર વધુ ઝડપી અને સરળ બનશે





### દેશના સુદૂર રાજ્યો સાથે રાજકોટને જોડવામાં ડબલ ટ્રેકિંગ પ્રોજેક્ટ ખુબ મહત્વનો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૨

ભારત સરકાર દ્વારા રેલવે નેટવર્કને મજબુત બનાવવા માળખાગત સુવિધાઓનો આયોજનબદ્ધ વિકાસ કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત રાજકોટ - સુરેન્દ્રનગર વચ્ચે રેલવે લાઈનનું ડબલ ટ્રેકિંગ કાર્ય તાજેતરમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેકટનું લોકાર્પણ વડાપ્રધાનનાં હસ્તે રાજકોટ ખાતે થનાર છે. આ ૧૧૬ કિલોમીટર લાંબી રેલવે લાઈન રૂા.૧૩૫૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. જે તૈયાર થતા રાજકોટને લાંબા અંતરની વધુ ટ્રેનો મળશે તેમજ અમદાવાદ તરફની ટ્રેનોની ઝડપ અને નિયમિતતામાં વધારો થશે. ઉપરાંત, સુરેન્દ્રનગરથી અમદાવાદ હયાત ડબલ ટ્રેકને લીધે રાજકોટ અને અમદાવાદ વચ્ચે સુદ્રઢ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત થશે. જેને લીધે રાજકોટની અન્ય રાજ્યો સાથે પણ રેલ કનેક્ટિવિટી વધુ સુગમ અને ઝડપી બનશે. અમદાવાદ અને રાજકોટ વચ્ચે વધારે સંખ્યામાં ઝડપથી ટ્રેનો ચલાવી શકાશે. વધુમાં આ ટ્રેક ઉમેરાવાથી માળખાગત ક્ષમતા વધતાં વધુ રેલવે ટ્રાફિક ચલાવી શકાશે, જેને લીધે વધારે ગુડ્સ ટ્રેનો દ્વારા રેલવેની આવકમાં વધારો થશે. આ ટ્રેક સાથે સાથે તમામ જરૂરી સુવિધાઓ અને સાધનો લગાવવાનું કાર્ય પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટની મંજુરી વર્ષ ૨૦૧૬-૧૭માં આપવામાં આવી હતી, ત્યાર બાદ સુરેન્દ્રનગરથી શરૂઆત કરીને રાજકોટ સુધી અલગ અલગ સેકશનને તબકાવાર સ્થાપિત કરવામાં આવ્યા છે. ૭.0૪ કી.મી.ના સુરેન્દ્રનગર- ચામરાજ ખંડને જાન્યુઆરી ૨૦૧૯માં, ૭.૨૯ કી.મી.ના ચામરાજ દિગસર ખંડને ફેબ્રુઆરી ૨૦૨૦માં, ૧૦.૩૯ દલડી- વાંકાનેર ખંડને ઓકટોબર ૨૦૨૧માં, ૮ કી.મી.ના દીગસર-મૂળી રોડ ખંડને એપ્રિલ ૨૦૨૨માં, ૧૪.૩૭ વાંકાનેર- સિંધાવદર ખંડને જુન ૨૦૨૨માં, ૧૯.૩૪ કી.મી.ના સિંધાવદર- બિલેશ્વર તેમજ ૧૬.૬૬ કી.મી.ના મુળી રોડ- વાગડીયા ખંડને ઓક્ટોબર ૨૦૨૨માં, ૯.૧૫ કી.મી.ના બિલેશ્વર-રાજકોટ ખંડને ફેબ્રુઆરી ૨૦૨૩માં કમીશનીંગ માટે તૈયાર કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રને સમગ્ર ગુજરાત અને દેશનાં તમામ રાજ્યો સાથે જોડવા માટે વધુ સારા રેલાવે માળખાનું નિર્માણ કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. સુરેન્દ્રનગર-રાજકોટ ડબલ ટ્રેક ઉપરાંત રાજકોટથી આગળ કાનાલુસ સુધી ડબલ ટ્રેકનું કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે, જેનાથી સમગ્ર સૌરાષ્ટ્રને સુદ્રઢ રેલવે કનેક્ટિવિટીની ભેટ આગામી સમયમાં મળનાર છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં સિંચાઈ સુવિધાથી વંચિત ત્રણ તાલુકાના ૪૫ ગામોને નર્મદાનું પાણી આપવા રૂપિયા ૪૧૭ કરોડની યોજનાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વહીવટી મંજૂરી

**લોકપ્રતિનિધિઓ-સ્થાનિક આગેવાનો અને ખેડૂતોની રજૂઆતોને સકારાત્મક પ્રતિસાદ આપતા મુખ્યમંત્રી : ધ્રાંગધ્રા-વઢવાણ-મુળી તાલુકાના ગામોના તળાવ-સિમ તળાવ-ચેકડેમ નર્મદાજળથી ભરાશે : ૩૦૫૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદ્રઢ કરવા રાજ્ય સરકારનું આયોજન**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા, મુળી અને વઢવાણ તાલુકાના ૪૫ ગામોને સિંચાઈ માટે નર્મદાજળ પુરૂ પાડવા રૂપિયા ૪૧૭ કરોડની યોજનાની વહીવટી મંજૂરી આપી છે. આ ત્રણ તાલુકાના ૪૫ ગામોને સરદાર સરોવર નર્મદા નિગમ હસ્તકની કોઈ પણ બ્રાન્ચ કેનાલ મારફતે આયોજનમાં આવરી લેવાયેલ જળસ્ત્રોતોને સિંચાઈના પાણીનો લાભ મળતો ન હતો. મુખ્યમંત્રી સમક્ષ આ સંદર્ભમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાંસદ તથા વિધાનસભ્યો અને જનપ્રતિનિધિઓ તથા સ્થાનિક અગ્રણીઓએ કરેલી રજૂઆતોનો મુખ્યમંત્રીએ ત્વરિત સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે.

મુખ્યમંત્રીએ નર્મદાના પૂરના વધારાના ૧ મિલિયન એકર ફિટ પાણી સૌરાષ્ટ્રને ફાળવવાના થયેલા આયોજનમાં સુરેન્દ્રનગર જિલ્લાના આ ૪૫ ગામોને પાઈપલાઈનથી પાણી આપવાની યોજના માટે રૂપિયા ૪૧૭ કરોડને વહીવટી મંજૂરી આપી છે. આ યોજના દ્વારા ધ્રાંગધ્રા, વઢવાણ અને મુળી ત્રણેય તાલુકાના ૪૫ ગામોના તળાવ, સીમતળાવ, ચેકડેમ નર્મદાના પાણીથી ભરવામાં આવશે. આના પરિણામ સ્વરૂપે અંદાજે ૩૦૫૫ હેકટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદ્રઢ બનશે.

# નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરીના અધ્યક્ષસ્થાને એસડીજી સેલ જીલ્લા કક્ષાની સમિતિની બેઠક યોજાઇ

## શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ સહિતના ૧૬ લક્ષ્યાંકો અંગે સમીક્ષા કરવામાં આવી






જૂનાગઢ, તા.૨૨

નિવાસી અધિક કલેકટર એન.એફ ચૌધરીના અધ્યક્ષસ્થાને એસડીજી સેલ જિલ્લાકક્ષાની સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિકાસ અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંઘના એજન્ડા ૨૦૩૦ અતર્ગત ૧૬-એસડીજી (સતત વિકાસ લક્ષ્યાંક ગોલ અને ૧૨૭ લક્ષ્યાંકોની ચર્ચા સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જૂનાગઢ જિલ્લામાં ભૂખમરો, ગરીબી, આરોગ્ય, ગુણવતાયુકત શિક્ષણ, જાતિ સમાનતા, બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવું, કૃષિક્ષેત્રે સિંચાઈની સુવિધા, શાકભાજી, તેલીબિયા ઉત્પાદનને વધારવા, ગુનાખોરીનું પ્રમાણ અટકાવવું, કલાઈમેન્ટ ચેન્જ સહિતના વિષય ઉપર ચર્ચા સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ આ અંગે નિવાસી અધિક કલેકટરે સંબંધિત વિભાગને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.આ બેઠકમાં જૂનાગઢ ડિસ્ટ્રીકટ એસડીજી રીપોર્ટ ૩.૦નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્ર સંઘના એજન્ડા–૨૦૩૦ અંતર્ગત ૧૬ સતત વિકાસ લક્ષ્યાંક અને ૧૨૬ લક્ષ્યાંકો નિયત કરેલ છે. જે વૈશ્વિક રીતે સામાજિક, આર્થિક અને પર્યાવરણલક્ષી પરીપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખી વાસ્તવિક રીતે શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, રોજગારી, ગરીબી વગેરેની સ્થિતિ જાણીને તેને ખરી રીતે સમાજ સમક્ષ પ્રસ્થાપિત કરવાનું મુખ્ય હેતુ છે. આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી મીરાબેન સોમપુરા,જિલ્લા આયોજન અધિકારી આર.એમ.ગંભીર,આર.ઓશ્રી પ્રકાશ કાછેલા, આર.ઓ. કોમલબેન ચાવડા તેમજ શિક્ષણ, આરોગ્ય, લીડબેંક, પાણી પુરવઠા સહિતના વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢના ડો.સુભાષ મહિલા કોલેજમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી





જૂનાગઢ, તા.૨૨

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને ડો.સુભાષ મહિલા આર્ટસ. કોમર્સ અને હોમ સાયન્સ કોલેજ,જૂનાગઢ ઉપક્રમે તા.૨૧-૨-૨૦૨૪ના રોજ ના વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવમાં આવી હતી.આ કાર્યક્રમનો પ્રારંભ કોલેજના આધસ્થાપક પેથલજીભાઈ ચાવડા ‘બાપુજી’ના સ્મૃતિજ્ઞાન સ્મરણાંજલિ સાથે થયો હતો.દીપ પ્રાગટ્ય વિધિ બાદ સંસ્થાની આગવી પરંપરા મુજબ ઉપસ્થિત વિદ્વાનોને ગ્રંથ પુષ્પની ભેટ આપી એમનું સ્વાગત કરાયું હતું. ઉપસ્થિત વકતાઓને આવકારતા સંસ્થાના આચાર્ય બલરામ ચાવડાએ જણાવ્યું હતું કે, માતૃભાષા એ આપણી સહિયારી સંપદા છે એનું જતન અને સંવર્ધન કરવું એ આપણી સૌની નૈતિક ફરજ છે. એમણે અનેક ઉદાહરણો આપી ઉપસ્થિત સૌને માતૃભાષાનો મહિમા સમજાવ્યો હતો અને ભૂમિકા બાંધી આપી હતી. માતૃભાષાના મહત્વ અંગે ચર્ચા કરતા વિધ્વત વક્તાઓ રૂચિર પંડયાએ ગુજરાતી ભાષાના વિવિધ પ્રયોગો,તરાહો અને ભાષાના માધુર્ય વિશે ઊંડાણ સાથે વાત કરી હતી અને ગુજરાતી કવિ ભાનુપ્રસાદ પંડ્યાના ગીતોમાં વ્યકત થતું ગ્રામ્ય જીવન અને છંદો બંધ કવિતામાં રહેલા પ્રકૃતિ નિરૂપણની વાત પણ રજૂ કરી ઉપક્રમને સફળ બનાવ્યો હતો.બીજા વકતા શ્રી સોનલ કરંગીયાએ સાહિત્યમાં કૃષ્ણ તત્વની ઉપાસના અને માવજત વિષય વકતવ્ય આપી કૃષ્ણ તત્વની ઓળખ કરાવી હતી.અને ગુજરાતી ભાષામાં કૃષ્ણના વિવિધ વર્ણનો અંગે ચર્ચા કરી માતૃભાષાની અભિવ્યક્તિની વિવિધ તરાહો ચીંધી બતાવી હતી. કાર્યક્રમના અંતમાં અધ્યાપક રઅશોક રાબડીયાએ ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રેરક ભાગ્યેશ જહાં અને મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ.બિપિન પટેલ,નરેશ સોલંકી નયનાબેન ગજ્જર અને પીયુષ મર્થક તેમજ વિદ્વત વકતાઓ પ્રત્યે સંસ્થાવતી કૃતજ્ઞભાવ વ્યકત કર્યો હતો અને ઉપસ્થિત સૌ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ઉપક્રમનું સંચાલન પ્રા. કૌશિક પંડ્યાએ કર્યું હતું. સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડાએ સૌને માતૃભાષા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

# મહિલાઓને કામકાજનાં સ્થળે જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ જાગૃતિ સેમીનાર યોજાયો




જૂનાગઢ, તા.૨૨

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કલેકટર કચેરી, સભાખંડ જૂનાગઢ ખાતે નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરી ના અધ્યક્ષ સ્થાને "કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ-૨૦૧૩" અન્વયે દરેક કચેરીમાં રચાયેલ આંતરિક સમિતિ ના પ્રમુખ અધિકારીઓ માટે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મહિલા અને બાળ વિકાસ અધિકારી ડો.ચંદ્રેશકુમાર ભાંભી દ્વારા સહભાગીઓને કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમની દ્રષ્ટાંત સહ વિગતે સમજ આપવામાં આવી હતી. તથા કાયદાની વિવિધ જોગવાઈઓ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ ચાલતી વિવિધ યોજનાઓ જેવીકે સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઇન, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર, બેટી બચાવો બેટી પઢાવો, વ્હાલી દીકરી યોજના, સાયબર ક્રાઇમનાં વિવિધ પ્રકારો, સોશિયલ મીડિયા દ્વારા કરવામાં આવતા અને ડિજિટલ ટેકનોલોજી દ્વારા આચરવામાં આવતા ગુનાઓ અને તેનાથી બચવાનાં ઉપાયો અંગે જુદા જુદા ઉદાહરણો આપી મહિલાઓ ને સલામતી માટે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી દ્વારા કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મીરાબેન સોમપુરા, દહેજ પ્રતિબંધક અધિકારી એમ.જી.વારસુર (શહેરી) અને બી.ડી.ભાડ (ગ્રામ્ય) તથા જીલ્લાની વિવિધ કચેરીના આંતરિક સમિતિના પ્રમુખ અધિકારીઓ તથા સભ્યો તેમજ જિલ્લા મહિલાને બાળ અધિકારી કચેરીના ફિલ્ડ ઓફિસર પી.કે.પાઘડાર અને ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના કાર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાધારાણી મહિલા મંડળ દ્વારા વેરાવળમાં વસાણાં હરિફાઈ યોજાઈ



જૂનાગઢ, તા.૨૨

મહીલાઓમાં રહેલી શ્રુશુપ્ત શક્તિઓ બહાર આવે અને કાંઈક અવનવું શીખવા મળે સાથે સાથે આરોગ્યવર્ધક ખાનપાનનો ઉપયોગ થાય તેમજ આપણી સંસ્કૃતિ આપણો વારસો પણ જાળવી રાખવા માટે રાધારાણી મહિલા મંડળ દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. ખાસ મહત્વનુ છે, કે હાલ દીવસે દીવસે ફાસ્ટફૂડનાં વધતા જતા યુગમાં મહિલાઓ આરોગ્ય અને સ્વાસ્થ્યની બાબતમાં સજાગ નથી અને મોટાભાગના મહિલાઓ હાલ દોડધામવાળી લાઈફમાં બહારની વાનગીઓ તૈયાર લાવવા તરફ વળી રહી છે એક જમાનો હતો ત્યારે મહિલાઓ પોતાના ઘરે બનાવેલી વસ્તુઓ આડોસ પડોશમાં મોકલતી જેને ગુજરાતીઓ વાટકી વહેવાર પણ કહેતા પરંતુ હાલ સ્ટેટ્સ અને સ્ટોરી અને રિલના ડિજિટલ યુગમાં વાટકી વહેવાર સાથે વાનગીઓ બનાવવાનું પણ ઓછું થયું છે. જૂનાગઢના ચેતનાબહેન તન્ના સ્થાપિત રાધારાણી ગ્રુપ હવે વેરાવળની બહેનોનો ઉત્સાહ વધારવા માટે પ્રયત્નશીલ થયું છે ત્યારે વેરાવળના ડભોરરોડનાં બગીચામાં રાધારાણી ગ્રુપ દ્વારા કાર્યકર્મ યોજવામાં આવ્યો હતો. મહત્વનુ છે કે શિયાળો એટલે આરોગ્યવર્ધક ઋતુ અને તેમાં પણ વસાણાંનો ઉપયોગ કેવી રીતે કરવો તે મહત્વનુ છે ત્યારે એક વિષેશ વસાણાં હરિફાઈનું આયોજન કરાયું હતુ અને આ હરીફાઈમાં રીનાબહેન સોમૈયા દ્વારા નિર્ણાયકની ભૂમિકા નિભાવવામાં આવી હતી. વસાણાં હરીફાઈમાં અને આરોગ્યવર્ધક વાનગી હરીફાઈમાં વેરાવળની બહેનોએ હોંસે હોંસે ભાગ લીધો હતો અને આદુંપાક, કાટલું પાક, બાવળિયો ગુદનો પાક, બીટનાં લાડુ, ખજૂર રોલ, ખજૂર પાક, ખજૂર કેક, તલ-સિંગ પાક તેમજ સુખડી અને વિવિધ પ્રકારના મિલેટ માંથી બનતી વાનગીઓ બનાવી નિર્દેશન કરવામાં આવ્યુ હતુ ખાસ વસાણા હરિફાઈમાં પ્રથમ ક્રમે શીતલબહેન મહેતા, બીજા ક્રમે નેહાબહેન મહેતા, ત્રીજા ક્રમે તૃપ્તિબહેન ગોટેચા અને ગીતાબહેન વડોદરિયા, ચોથા ક્રમે, ચેતનાબહેન મકવાણા તેમજ પાંચમા ક્રમે નિશાબહેન ઘોઘારી વિજેતા જાહેર થયા હતા. તમામ વિજેતા જાહેર થયેલ સ્પર્ધકોને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા અને ઉપસ્થિત તમામ સ્પર્ધકો માટે અલ્પાહારની આયોજકો દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી અને જૂનાગઢનાં મહિલા અગ્રણી શીતલબહેન તન્નાની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મહત્વનુ છે કે, રાધારાણી ગ્રૂપ જૂનાગઢના સ્થાપક ચેતનાબહેન તન્નાની અનોખી પહેલનો વેરાવળની બહેનોને પણ લાભ મળે અને વેરાવળની બહેનોનો પણ કાઈક નવું શીખે અને બહેનોની સુસૂપ્ત પડેલી શક્તિઓને નવું પ્લેટફોર્મ મળે તે માટે વેરાવળના બંસીબહેન જીમુડીયા, શ્રધ્ધાબહેન ઠક્કર, તૃપ્તિબહેન મશરૂ, મીતાબહેન માણેક, દર્શનાબહેન ઉનડકટ, નેહલબહેન સાથે મળીને વેરાવળમાં પણ રાધારાણી ગ્રુપની સ્થાપના કરી અવનવા કાર્યક્રમોનુ આયોજન કરતા રહશે તેમ જણાવ્યું હતું.

# શ્રીબાઈ માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થતાં મુખ્યમંત્રી

## ૪૦૦૦ કિલોના ઘંટનું ડિજિટલી લોકાર્પણ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રજાપતિ સમાજના વિશ્વવિખ્યાત અને આરાધ્ય સ્થળ એવા તાલાલા ખાતે આવેલ શ્રીબાઈ માતાજીના ધર્મસ્થાન ખાતે આયોજીત નૂતન મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થયા હતાં.

આ અવસરે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, શ્રીબાઈ માતાજી પ્રજાપતિ સમાજના આરાધ્ય માતાજી છે. પ્રજાપતિ સમાજ સરળ અને મહેનતુ છે. “એ ભલો અને કામ ભલું”નો મંત્ર અપનાવીને આ સમાજ સ્વમહેનતે આગળ આવ્યો છે. દરેક ધાર્મિક સ્થળો માટે રાજ્ય સરકાર જવાબદારી નિભાવવા માટે તૈયાર છે. તેમ જણાવી તેમણે જણાવ્યું હતું કે, એક મહિના પહેલા ૨૨ તારીખે જ હિંદુધર્મના આસ્થાના પ્રતિક એવા અયોધ્યાના રામમંદિરમાં રામલલ્લાની સ્થાપના થઈ હતી અને આજે બરાબર એક મહિના બાદ ૨૨ તારીખના રોજ શ્રીબાઈ માતાજી મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઈ રહી છે.

આપણા વારસા અને વિરાસત પર ગૌરવ થાય તે રીતે વિકાસ કરીને અન્યોને પણ ગુજરાતે રાહ ચીંધ્યો છે. શ્રીબાઈ માતાજી ધર્મસ્થાનના રૂ.૧૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે તેની વિગતો આપી મંદિર ખાતે સ્થાપિત ૪૦૦૦ કિ.ગ્રાના ઘંટનું મુખ્યમંત્રીએ સ્ટેજ પરથી ડિજિટલી લોકાર્પણ કર્યું હતું.

વાઈબ્રન્ટ ગુજરાતની શૃંખલાના કારણે ગુજરાતમાં ધંધા-રોજગાર માટે દુનિયાભરમાંથી ઉદ્યોગો આવી રહ્યાં છે. આ ઉદ્યોગો માટે સ્કિલ્ડ મેનપાવરની જરૂર હોય છે. આ સમયે ઉદ્યોગને અનુકૂળ એવા સ્કિલ્ડ મેનપાવર માટે તે માટેનું શિક્ષણ જરૂરી છે. આપણા દીકરા-દીકરીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ વધી રહ્યાં છે. તેથી ચોક્કસ આ દિશામાં આપણે સફળ થઈશું તેની ભૂમિકા તેમણે આપી હતી.

પહેલા રૂા. એક લાખનું કામ કરવા માટે બહુ તકલીફ પડતી હતી. જયારે આજે રૂા.૧૬ કરોડનું કામ સરળતાથી મંજૂર કરી દેવામાં આવે છે. રાજ્ય સરકારે પર્યાવરણની ચિંતા કરીને વિકાસ કરવાની નેમ લીધી છે. આ વર્ષે રૂા. ૩.૩૨ લાખ કરોડનું ઐતિહાસિક બજેટ ગુજરાત સરકારે રજૂ કર્યુ છે. નીતિ આયોગ પ્રમાણે નાણાંકિય વ્યવસ્થાપનમાં ગુજરાત રાજ્ય દેશમાં નંબર ૧ પર છે. ત્યારે, સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ દ્વારા વિકસિત ભારત જ ૨૦૪૭ માટે ગુજરાતે લીડરશીપ લીધી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની જે રાહ ચીંધી છે તેના મીઠાં ફળ આજે આપણને મળી રહ્યાં છે. પ્રજાપતિ સમાજના આસ્થાના સ્થળ એવા શ્રીબાઈ ધામમાં દેશ-વિદેશમાંથી અનેક લોકો પધારે છે ત્યારે આ સ્થળ ખાતે શૈક્ષણિક સંકુલ માટે પણ જગ્યા ફાળવવામાં આવી છે.

પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આ ભૂમિ સંત શુરા અને સાવજની છે.







સોરઠની આ શૌર્યભૂમિ પર ૩૩ કરોડ દેવતાનો વાસ છે. ગરવો ગીરનાર અને હરિ અને હરનો સમન્વય ધરાવતી ભૂમિ પર આઈકોનિક ગ્રેટર ગીર યોજના હેઠળ શ્રીબાઈ ધામને વિકસાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. તેમણે જૂની સ્મૃતિઓ વાગોળતા જણાવ્યું કે, સને ૧૯૯૫માં એટલે કે ૨૯ વર્ષ પહેલા મેં જ્યારે પ્રથમવાર મંત્રી તરીકેની જવાબદારી સંભાળી ત્યારે સૌ પ્રથમ આ મંદિરે દર્શન કરવા માટે આવ્યો હતો. આ સ્થળે જ્ઞાતિબંધુ અને પરિવારજનો મહત્વના પ્રસંગે એકઠા થઈ સુખ-દુઃખ વહેંચે છે અને દીકરા-દીકરીઓને ધર્મસંસ્કાર આપે છે. અહીં યુવાઓ માટે તાલીમ વર્ગો સહિત શૈક્ષણિક અને સામાજીક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓ થતી રહે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા સાસણ, ગીર અને ગીરની આસપાસના ક્ષેત્રમાં ઐતિહાસિક સ્થળમાં પણ વિકાસ થાય તે માટે પ્રયત્નો હાથ ધરાયા છે. આ માટે આઈકોનિક ગ્રેટર ગીર પ્રોજેક્ટ હેઠળ રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે અને આગામી સમયમાં શ્રીબાઈ આશ્રમ ખાતે કમ્પાઉન્ડ વોલ, સ્કલ્પચર, આર્ટ, પેવરબ્લોક, રિવરફ્રન્ટ, ઘાટ તેમજ પ્રવાસીઓ માટેની અન્ય સુવિધાઓ વિકસાવવામાં આવશે. આ માટે આર્કિટેક્ટની નિમણૂંક પણ કરી દેવામાં આવી છે. શ્રીબાઈ ધામના ટ્રસ્ટી મુકેશભાઈ દેવળિયાએ મુખ્યમંત્રી તેમનો અમૂલ્ય સમય ફાળવીને શ્રીબાઈ ધામ ખાતે પધાર્યા તે માટે પ્રજાપતિ સમાજવતી અભિવાદન કર્યું હતું.

આ કાર્યક્રમમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, પૂર્વ રાજ્યસભા સાંસદ સર્વ દિનેશભાઈ અનાવડિયા, ચુનીભાઈ ગોહેલ, પૂર્વ મંત્રી શ્રી ગોવિંદભાઈ પરમાર, કલેક્ટર ડી.ડી.જાડેજા ,જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, આગેવાન ઝવેરીભાઈ ઠકરાર, મહેન્દ્રભાઈ પીઠિયા, દિલીપભાઈ બારડ, વિનોદ ચાદેગરા, લીલુબેન જાદવ, અભયભાઈ ઉનડકટ, લલિતભાઈ ચાંદેગરા, સત્તાધાર મંદિરના મહંત વિજયદાસજી મહારાજ સહિત અધિકારીશ્રીઓ, સ્થાનિક નાગરિકો તેમજ મોટી સંખ્યામાં શ્રીબાઈ માતાજીના અનુયાયીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**મુખ્યમંત્રીની સરળતા અને સહૃદયતા**

શ્રીબાઈ માતાજીના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં પોતાનું પ્રાસંગિક પ્રવચન પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રીએ તેમની સરળતા અને સહદયતાનો પરિચય કરાવતા પોતાના આત્મિયજન હોય તે રીતે ઉપસ્થિત જનમેદની વચ્ચે જઈને તેમનું અભિવાદન ઝીલ્યું હતું. મુખ્યમંત્રીએ તેમના પ્રવચનમાં પણ લાંબા સમયથી બેઠેલા અનુયાયીઓની શિસ્ત અને શાંતિની પ્રશંસા કરી હતી. મુખ્યમંત્રી સમગ્ર કાર્યક્રમ પૂર્ણ કરી પરત જતા હતાં ત્યારે ગામની ભાગોળે ઉભેલા લોકોનો પોતાના પ્રત્યેનો ભાવ જોઈને મુખ્યમંત્રીશ્રી તેમના કાફલાને રોકાવીને નીચે ઉતર્યા હતાં અને ગામલોકોના સ્નેહ અભિવાદનને સહર્ષ સ્વીકાર્યું હતું.

# કોડીનારના બંદરોમાં ગેરકાયદે કરાતી માછીમારી તાત્કાલિક અસરથી બંધ કરાવવા રજૂઆત

(મુગલ અલ્તાફ દ્વારા) કોડીનાર, તા.૨૨

કોડીનાર તાલુકાના માઢવડ, મૂળદ્વારકા બંદરોમાં અન્ય રાજ્યોના માછીમારો કાયદેસર રીતે લાઈન ફીશીંગ, લાઈટ ફિશીંગ જેવી પ્રવૃત્તિઓ કરી દરિયામાં ગેરકાયદેસર માછીમારી કરી રહ્યાં હોય તેને તાત્કાલિક અસરથી બંધ કરાવવા માઢવડ કિલો સયુંકત સમાજ અને માઢવડ સમસ્ત ખારવા સમાજ અને મૂળદ્વારકાના માછીમારોએ કોડીનાર મામલતદારને આવેદન પત્ર પાઠવી રજૂઆત કરી છે. વધુમાં જણાવ્યા હતું કે અન્ય રાજ્યોના માછીમાર ગ્રુપોની ફીશીંગનુ સમગ્ર ગુજરાત અને દેશના દરિયાઈ સીમાના દરીયામા આવા પ્રકારની રાક્ષસી પધ્ધતિથી થતી ફિશીંગનું પ્રમાણ વધી ગયુ હોય તેના લીધે માછીમારી વ્યવસાય ઉપર નભતા રાજ્યના લાખો પરિવારો ધંધા રોજગાર વિહોણા બની પાયમાલ થવા જઈ રહ્યા હોય આવી પ્રવુતિ તાત્કાલિક બંધ કરાવવા રજૂઆત કરી જો સરકાર દ્વારા તાત્કાલિક કોઈ પગલા ભરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં માછીમારો દ્વારા ના છૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવું જણાવ્યું હતું.

# માંગરોળ : દરિયામાં થતી ફશીંગને તાત્કાલીક બંધ કરવા માંગ : આવેદન અપાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૨

દરિયામાં લાઈટ, લાઈન અને ઘેરા ફિશીંગથી માછલીઓની અનેક પ્રજાતિ ખતમ થઈ ચૂકી છે અને હજુ નામશેષ થવાની સ્થિતિમાં છે. આ પ્રકારે થઈ રહેલી માછીમારીથી માછીમારો પાયમાલ થઈ રહ્યા છે. ત્યારે મત્સ્યોદ્યોગનું અસ્તિત્વ ટકાવી રાખવા માંગરોળના માછીમારોએ મામલતદારને આવેદન પાઠવી રાક્ષસી પધ્ધતિથી થઈ રહેલા ફિશીંગને તાત્કાલિક બંધ કરાવવા માંગ કરી છે. અન્ય રાજ્યોના કેટલાક બંદરોના માછીમાર ગ્રુપો દ્વારા પરંપરાગત પધ્ધતિને બદલે આ પ્રકારે થતી માછીમારીમાં અતિ આધુનિક ટેકનોલોજીથી સજ્જ વિશાળ ફિશીંગ ટ્રોલરોથી દરિયાના તળિયામાંથી મોટા જથ્થામાં નાનામાં નાની માછલીઓ પકડી લેવામાં આવે છે. પરિણામે મત્સ્યસંપતિ, પેટાળની વનસ્પતિ સદંતર નાશ પામે છે. આ રાક્ષસી પદ્ધતિથી થઈ રહેલા ફિશીંગથી માછીમારીના વ્યવસાય ઉપર નભતા લાખો પરિવારોની હાલત કફોડી બની છે. પુરતા પ્રમાણમાં માછલીઓનો કેચ ન મળતાં ફાયબર હોડી અને બોટોને બંધ કરી દેવાની નોબત આવી છે. એક હોડી અને બોટ બંધ થવાથી આશરે ૧૦૦ જેટલા પરિવારોની રોજીરોટી છીનવાઈ રહી છે. આવી ગેરકાયદે પદ્ધતિથી ફિશીંગ કરનારા તત્વોએ પોતાના વિસ્તારનો દરીયો લગભગ ખાલીખમ જેવો કરી નાખ્યો છે અને હવે તેઓ ગુજરાતના દરિયામાં માછલીઓનું નિકંદન કાઢી રહ્યા છે. આ લોકોને ગુજરાતના માછીમારો આ પ્રકારે માછીમારી કરતા અટકાવે તો માછીમારોને જાનથી મારી નાંખવાની અને બોટો સળગાવી દેવાની ખુલ્લેઆમ ધમકી આપે છે. આ પધ્ધતિથી કરવામાં આવતા ફિશીંગને બંધ કરાવવા માછીમારોએ મામલતદારને રજૂઆત કરી આ ગંભીર બાબતે યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી હતી.

# આગામી શિવરાત્રીના મેળામાં રીક્ષાચાલકો માટે પાર્કિંગ સહિતની યોગ્ય વ્યવસ્થા કરવા માંગ

## જીલ્લા કલેકટરને પત્ર પાઠવી એકતા રીક્ષા ચાલક એસોસીએશન દ્વારા રજુઆત કરાઈ

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ એકતા એસો. દ્વારા જીલ્લા કલેકટરશ્રીને એક પત્ર પાઠવી આગામી તા. ૫ થી ૮ માર્ચ દરમ્યાન યોજાનાર શિવરાત્રીના મેળામાં રીક્ષાચાલકો માટે રસ્તા અને પાર્કિંગની વ્યવસ્થા કરવા રજુઆત કરવામાં આવી છે.

એકતા રીક્ષા એસો.ના પ્રમુખ રવજીભાઈ વાળાએ જીલ્લા કલેકટરને પાઠવેલા પત્રમાં જણાવેલ છે કે, જૂનાગઢના ભવનાથ તળેટીમાં વર્ષમાં બે મેળા યોજવામાં આવે છે જે વિશ્વ પ્રખ્યાત છે. જેમાં લોકોની મેદની ધાર્મિક લાગણી અને ભાવનાથી ઉમટી પડતી હોય અને લોકો આ શિવરાત્રીના મેળામાં તેમજ પરીક્રમાના મેળામાં પુણ્યનું ભાથું મેળવવા સાથે લાગણીથી અને ભક્તિભાવથી આવતા હોય છે. જેમાં લાખોની સંખ્યામાં લોકો મેળામાં આવતા હોય છે. જે દરમ્યાન મેળામાં સરકારી તંત્ર દ્વારા સારી એકવી કામગીરી પણ કરવામાં આવતી હોય છે. સેવાના માધ્યમથી ખાનગી લોકો દ્વારા જે વાહનો ચલાવવામાં આવે છે તે અંગે યોગ્ય નિયમો કરવાનું કામ આપના સ્તરેથી કરવામાં આવે છે. જેમાં ઓટો રીક્ષા ચાલકો માટે ભવનાથમાં આવેલ જીલ્લા પંચાયત ગેસ્ટ હાઉસની સામે રીક્ષાચાલકો માટે પાર્કિંગ વ્યવસ્થા કરવા, યોગ્ય નિયમન સાથે રોડ-રસ્તાની સગવડતા કરી આપવા માંગણી કરી છે. જૂનાગઢ ભવનાથમાં જીલ્લા પંચાયત ગેસ્ટહાઉસ સામે આવેલ સરકારી જમીન જેનું સંચાલન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે છે તે જગ્યા ઉપર હાલમાં રોપ-વે ઉષા બ્રેકો કંપનીએ કબ્જો જમાવેલ છે જે ગેરકાયદેસર હોય તે ખુલ્લું કરાવવામાં આવે તો રીક્ષા તેમજ પ્રાઈવેટ વાહનો માટે પાર્કિંગની વ્યવસ્થા થઈ શકે તેમ છે.

વધુમાં મહાશિવરાત્રીના મેળાનું જે આયોજન થયેલ છે તેમાં જૂનાગઢ શહેરમાં ઓટોરીક્ષા ચાલકોને ચારથી પાંચ દિવસ સુધી રોજગારી મળી રહે તેવા એક માત્ર ઉદેશ્યથી આપના સ્તરેથી યોગ્ય કાર્યવાહી કરવા તથા વધુમાં આ મેળો દર વર્ષે યોજાય છે તેમાં છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ પોલીસ દ્વારા રીક્ષા ચાલકો ઉપર જે તાનાશાહી અને જોરજુલમો કરેલા છે તેવું આ વર્ષે મેળામાં ન થાય તે અંગે આપના દ્વારા કાર્યવાહી કરવા પત્રના અંતે અરજ કરેલ છે.

# જૂનાગઢ બહાઉદ્દીન સરકારી વિનયમ કોલેજ દ્વારા વિશ્વ માતૃભાષા દિનની થયેલ ઉજવણી




જૂનાગઢ, તા.૨૨

વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને બહાઉદ્દીન સરકારી વિનયમ કોલેજ, જૂનાગઢમાં સંયુક્ત ઉપક્રમે બહાઉદ્દીન સરકારી વિનયમ કોલેજના ઐતિહાસિક ધરોહર સમા મધ્યસ્થખંડમાં વિશ્વ માતૃભાષા મહોત્સવની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. 'સ્વરચિત કાવ્ય પઠન અને વ્યાખ્યાન'ના આ કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિધ્ધ લોક સાહિત્ય કલાકાર લાખણશીભાઈ ગઢવી, કોલેજના આચાર્ય ડો. પી.વી. બારસિયા અધ્યાપકો તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય પરંપરા અનુસાર કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપ પ્રજ્જ્વલિત કરી કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય દરમ્યાન ટી.વાય.બી.એ. સેમેસ્ટર-૬ ના વિદ્યાર્થીની વેષ્ણવ ક્ષિતિબેને બાસુરી વાદન કર્યું હતું. ત્યારબાદ સુપ્રસિધ્ધ લોક સાહિત્ય કલાકાર અને વકતા લાખણશીભાઈ ગઢવીનું પુસ્તક અને સુરતથી આંટીથી આચાર્ય, ડો.પી.વી. બારસિયા સ્વાગત કર્યું હતું. અતિથિઓનો પરિચય અને શાબ્દિક સ્વાગત કોલેજના સિનિયર પ્રા. એ. પી. મ્યાત્રા કર્યુ હતું. કોલેજના આચાર્ય, ડો. વી. પી. બારસિયા પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. જેમાં અન્ય ભાષાઓના ગૌરવ કરવા સાથે આપણે માતૃભાષાના મહત્વ અંગે જાગૃતિ કેળવવા પર તેમણે વિશેષ ભાર મુકયો હતો. તેમણે વ્યવહાર ઉદાહરણો સાથે વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને તરબોળ કર્યા હતા. ત્યારબાદ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો. ભાગ્યેશ જહા તથા ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો વિડીયો સંદેશ તમામ વિદ્યાર્થીઓએ નિહાળ્યો હતો. કોલેજમાં અભ્યાસ કરતા વણઝારા વિધિબેન, બેલીમ કૌશરબેન, મેઘનાથી એકતાબેન, આંત્રોલિયા માનસીબેન દ્વારા સ્વરચીત કાવ્ય પઠન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના વક્તા અને પ્રસિધ્ધ લોક સાહિત્ય કલાકાર લાખણશીભાઈ ગઢવીએ પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓને રસમગ્ન બનાવ્યા હતા. તેમણે માતૃભાષા એટલે શું! માતૃભાષાનું મહત્વ, ભાષા શિસ્ત, સંસ્કાર, અને સંસ્કૃતિની વાતો રામાયણ અને મહાભારતન સંદર્ભે સાથે અદભુત વક્તવ્ય આપ્યું હતું.

કાર્યક્રમના અંતમા આ સમગ્ર પ્રકલ્પના સંયોજક અને ગુજરાતી વિભાગમા અધ્યક્ષ પ્રા. પી. પી. સોલંકીએ આભાર વિધિ કરી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો, કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ બુલંદ સ્વરે રાષ્ટ્રગાન કર્યું હતું. અને મંચની જમણી તરફ 'મારા હસ્તાક્ષર મારી માતૃભાષામાં' એ અંતર્ગત રાખવામાં આવેલ બેનરમાં સમારંભમાં ઉપસ્થિત સૌએ માતુભાષામાં પોતાના હસ્તાક્ષર કર્યા હતા. સમગ્ર કાર્યક્રમથી તમામ વિદ્યાર્થીઓ નવી ઉર્જા મેળવી નવપલ્લવિત થયા હતા.

# માછીમારોનું અસ્તિત્વ જોખમમાં મુકતી લાઈટ, ઘેરા જેવી ફિશીંગ પ્રવૃત્તિઓ તત્કાલ પ્રભાવથી રોકવા માંગણી

## વેરાવળમાં ખારવા અને કોળી સમાજે રેલી કાઢી આવેદનપત્ર પાઠવ્યું




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૨

રાજયના દરીયામાં ગેરકાયદેસર રીતે લાઈટ, ઘેરા, લાઈન જેવી ફિશીંગ પ્રવૃત્તિઓ મોટા પાયે થઈ રહી હોવાથી માછીમારો અને મત્સ્યોદ્યોગનું અસ્તિત્વ જોખમમાં મુકાયુ છે. તો કાયદામાં સ્પષ્ટ જોગવાઈના અભાવે આવી રાક્ષસી ફિશીંગની પ્રવૃત્તિઓ મોટા પાયે થઈ રહી છે. ત્યારે તેને તત્કાલ પ્રભાવથી રોકવા માટે ગઈકાલે વેરાવળમાં ખારવા અને કોળી સમાજના આગેવાનો દ્વારા આવેદનપત્ર પાઠવી માંગ કરવામાં આવી છે.

વેરાવળ ખારવા સમાજના પટેલ દામજીભાઈ ફોફંડી, તુલસીભાઈ ગોહેલ, ભીડીયા કોળી સમાજના જેન્તીભાઈ સોલંકી, લક્ષ્મીકાંત સોલંકી, વિરજીભાઈ સોલંકી, નગરસેવક પરેશ કોટીયા, હીરાકોટ બંદરના શાંતિલાલ વંશની આગેવાનીમાં મોટી સંખ્યામાં માછીમાર ભાઈઓએ પ્રાંત કચેરીએ રેલી સ્વરૂપે પહોંચી કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં જણાવેલ કે, છેલ્લા થોડા સમયમાં અન્ય બંદરોનાં માછીમારો ગ્રુપ બનાવી પોતાની ફીશીંગ બોટો થકી ગીર સોમનાથ જિલ્લાના દરિયામાં ગેરકાયદેસર રીતે લાઈન, લાઈટ અને ઘેરા જેવી રાક્ષસી ફીશીંગની પ્રવૃત્તિ કરી રહ્યા છે. જેના કારણે માછીમારો અને મત્સ્યોદ્યોગનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. આ પ્રકારની રાક્ષસી પધ્ધતિથી ફીશીંગ કરતી બોટો અન્ય રાજયોની હોય છે. જે પોતાના વિસ્તારમાં આવી ગેરકાયદેસર ફિશીંગની પ્રવૃત્તિ કરી માછલીઓનું મોટા પ્રમાણમાં નિકંદન કાઢી નાખતા ત્યાંનો દરિયો લગભગ ખાલી જેવો કરી દીધેલ છે. જેથી હવે ગુજરાતના દરિયામાં રહેલી ભરપુર માછલીઓનું નિકંદન કાઢવા રાક્ષસી પ્રવૃત્તિથી ફિશીંગ કરી રહ્યા હોય જેને રોકવું જરૂરી છે.

વધુમાં વિદેશોમાં આ પ્રકારની પધ્ધતિથી કરવામાં આવેલ ફીશીંગનાં અત્યંત માઠા પરિણામ સામે આવ્યા છે. ત્યારે ગુજરાતમાં આ પ્રકારની પધ્ધતિથી કરવામાં આવતી ફીશીંગથી નાની ફાઈબર હોડીઓ અને બોટોને માછલીઓ મળવાનું બંધ થઈ રહ્યુ છે. ત્યારે આવી એક હોડી-બોટ બંધ થવાથી આશરે એકસો જેટલા કુંટુંબોની રોજીરોટી છીનવાઈ છે. તો આવી ફિશીંગ અટકાવવા માટે કાયદામાં સ્પષ્ટ જોગવાઈઓ ન હોવાના કારણે બંધ થવાના બદલે વધી ગઈ છે. જેથી રાજયના માછીમારો અને મત્સ્યોદ્યોગનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે સત્વરે કાયદામાં સુધારો કરી રાક્ષસી પ્રવૃત્તિથી થતી ફિશીંગ અટકાવવા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ છે. આ મુજબ કાર્યવાહી નહીં થાય તો માછીમારોને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા આગળના પગલાં ભરવા પડશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

# લોઢવા ખાતે ૨૪ મી ફેબ્રુઆરીએ આહિર સમાજના પાંચમાં સમુહલગ્ન




(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૨૨

લોઢવા ખાતે આહિર સમાજના પાંચમાં સમુહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ સમુહલગ્નમાં લોઢવા ગામની જ ૫૪ દિકરીઓ જોડાયેલ છે. આ સમુહલગ્નને સફળ બનાવવા આહિર સમાજ સમુહલગ્ન સમિતિના માર્ગદર્શન હેઠળ લોઢવા ગામના યુવાનો છેલ્લા દશ દિવસથી તડામાર તૈયારીઓ કરી રહયા છે. લગ્નની કામગીરી માટે યુવાનોની વિવિધ સમિતિઓ બનાવીને અલગ-અલગ વિભાગની કામગીરીની વહેંચણી પણ કરવામાં આવી છે. આશરે ૧૫ એકરમાં મંડપના સમિયાણાની કામગીરી પુર્ણ થઈ છે. લગ્ન વિભાગ, રસોડા વિભાગ, પાર્કિંગ વિભાગ, વરરાજાના ઉતારા વિભાગ, મહેમાનો માટેની બેઠક વ્યવસ્થા જેવી અગત્યની કામગીરી માટે સમિતિ પણ બનાવેલ હતી. આ સમુહલગ્નમાં ફકત લોઢવા ગામની જ ૫૪ દિકરીઓ પ્રભુતામાં પગલા માંડશે અને દાંમ્પત્ય જીવનની કેડી કંડારશે. આ સમુહલગ્ન તા.૨૨-૨-૨૪ ના રોજ નિર્ધારવામાં આવશે. તા.૨૩-૨-૨૪ ના રોજ રાત્રીના સમુહ દાંડીયારાસ જેમાં આહિર સમાજના કલાકારો હાજર રહેશે. તા.૨૪-૨-૨૪ ના રોજ સવારે ૮ કલાકે સમુહલગ્નમાં મંડપ મુહુર્ત, સાંજે શુભ ચોઘડીયે હસ્ત મેળાપ રાખેલ છે. આ સમુહલગ્નની વિશેષતા એ છે કે, લોઢવા ગામના તમામ આહિર સમાજના લોકો પોતાનું યોગદાન આપે છે.

સમુહલગ્ન સમિતિ દ્વારા દિકરીઓને મોટું કરીયાવર પણ આપવામાં આવે છે. તેમજ માંડવામાં જ લગ્નનોંધણીનું સર્ટીફીકેટ આપવામાં આવે છે. આ દિકરીઓને સરકારમાંથી મળતી સહાય કુંવરબાઈનું મામેરૂ સપ્તપદીના લાભ કોઈપણ જાતની દોડા-દોડી વગર સમિતિ દ્વારા સરકારમાંથી કાર્યવાહી કરી દિકરીઓના ખાતામાં જમાં કરાવી આપે છે. આ સમુહલગ્નમાં ગામ લોકો તથા આહિર સમાજના અગ્રણીઓ, સાધુ-સંતો મોટી સંખ્યામાં હાજર રહીને નવદંપત્તિઓને આશીર્વાદ પાઠવશે. આ સમુહલગ્નને સફળ બનાવવા સમુહલગ્ન સમિતિના તમામ હોદેદારો તથા સભ્યો, કનકેશ્વરના સેવકો ભારે જહેમત ઉઠાવી રહયા છે.

# માંગરોળ એસ.એસ. સ્કૂલનો વાર્ષિક ઉત્સવ ઉજવાયો

## વ્યસનોના કારણે અનેક ઘરો બરબાદ થઈ ગયા : મો. હુસેન ઝાલા આજના યુગની અતિ આવશ્યકતા એ છે કે, તમે તમારા બાળકોને શાંતિથી સાંભળો : ઈમ્તિયાઝ પઠાણ




(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૨૨

માંગરોળની એસ.એસ. સ્કૂલનો વાર્ષિક ઉત્સવ રંગેચંગે ઉજવાયો હતો. જેમાં સ્કૂલની બાળાઓ અને બાળકોએ વર્તમાન પરિસ્થિતિ સંલગ્ન અનેકવિધ કાર્યક્રમો રજુ કરી સમાજ સુધારણા માટે વિશેષ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો. સમાજમાં પ્રવર્તી રહેલ દારૂ, જુગાર, ડ્રગ્સના દૂષણોને ઉજાગર કરવા નાટક રજુ કરાયું હતું. તદુપરાંત નાત, નઝમ, અને પિરામિંડ જેવી અનેક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. "અમે માંગરોળ વાળા" ગુજરાતી ગીત દ્વારા માંગરોળનો ઐતિહાસિક, સામાજિક અને આર્થિક ચિતાર રજૂ કરાતા સૌ કોઈ મંત્રમુગ્ધ થયા હતા. પ્રોગ્રામમાં પ્રાસંગિક પ્રવચન આપતા ઘાંચી સમાજના પ્રમુખ મોહંમદહુસેન ઝાલાએ જણાવ્યું હતું કે આજે વ્યસનના લીધે અનેક ઘરો બરબાદ થઈ ગયા છે. આપણી કેટલીક મહિલાઓને માવાની ટેવ પડી ગઈ છે. જો માવા બંધ થશે પછી જ એમડી બંધ થશે. આજે બાપ પોતાના દિકરાને મોકલે છે કે "જા મારા માટે માવો લેતો આવ"! પત્ની તેના પતિને કહે કે "મારી માટે માવો લેતો આવજે.!" આપણી સમાજમાં આ એક દૂષણ છે જેને ડામવું ખુબ જરૂરી છે. આ સાથે દરેક નિશાળોમા ફ્રી પિરયડમાં બાળકોને સભ્યતા પણ શિખડવામા આવે. અતિથિ વિશેષ તરીકે પધારેલ મુસ્લિમ એકતા મંચના ઈમ્તિયાઝ પઠાણે જણાવ્યું હતું કે, આજના યુગમાં બાળકો માટે અતિ જરૂરી બાબત એ છે કે તમે તમારા બાળકોને શાંતિથી સાંભળો. જ્યારે એમની વાત નથી સાંભળવામાં આવતી ત્યારે તે તેમની વાત સોશ્યલ મીડિયામાં મુકે છે અને જો ત્યાં તેમને લાઈકસ મળી ગયા તો સમજો કે એમણે એનો રસ્તો કરી લીધો. યાદ રાખો કે તમારી ૨૦ લાખની ગાડીનું એક્સિડન્ટ થયું અને તમારા નાના બાળકની પેન્સિલ ટુટવી, આ બંને સમાન ઘટનાઓ છે. એટલે તમારા બાળકની દરેક સુખ દુઃખની વાતો શાંતિથી સાંભળો. બીજી બાજુ યુવાનો પોતાના માં- બાપને સાંભળે, સમજે એ તમારી સફળતાનું પહેલું કદમ છે. આ સાથે તમારૂં ધ્યેય નક્કી કરો અને સમયની કદર કરો. માંગરોળની રાજકુમારી અકીલા શેખે બાળકોના પ્રદર્શનને વખાણી આયોજકોને મુબારકબાદી આપી હતી. આ પ્રોગ્રામમાં શહેરની નામાંકિત હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. પ્રોગ્રામને નિહાળવા મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરૂષો ઉમટી પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંચાલક ઉષમાન ભટ્ટુ, ઉબેદૂલ્લાહ જાડલા અને શાળાના સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# શિવરાત્રીનાં મેળા દરમ્યાન અન્નક્ષેત્રનું આયોજન

જૂનાગઢ તા.૨૨

આગામી તા.૫/૩/૨૪ થી તા.૯/૩/૨૪ સુધી ભવનાથ તળેટીમાં ગુજરાત અનુ. જાતિ સમાજ વાડીની જગ્યામાં શિવરાત્રીના મેળા દરમ્યાન દર વર્ષની જેમ આ વર્ષે પણ સાર્વજનિક અન્નક્ષેત્રનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. તો તમામ શ્રધ્ધાળુઓ, યાત્રીકો, ભાવિકો, ભકતોને આ શિવરાત્રીના મીનીકુંભ મેળામાં ભજન, ભોજન, અને ભકિતના ત્રિવેણી સંગમનો લાભ લેવા અનુ. જાતિ સમાજ વાડી વતી સંચાલક રણજીત ગોહેલ દ્વારા જાહેર આમંત્રણ આપી જણાવવામાં આવે છે અને ''જયાં ટુકડો ત્યાં હુકડો'' ને સાર્થક કરવા અનુરોધ કરાયો છે.

# ઉના શહેર તથા તાલુકામાં રૂા.૧૦ની ચલણી નોટોની અછત

ઉના તા. ૨૨

ઊના શહેર અને તાલુકમાં છેલ્લા ઘણા મહિનાઓથી રૂપિયા ૧૦ની ચલણી નોટોની અછત સર્જાઈ છે. જેના કારણે વેપારી અને ગ્રાહકોમાં મુશ્કેલી પડી રહી છે. ઊના મુખ્ય ચેસ્ટ બેંક ગણાતી ભારતીય સ્ટેટ બેંકમાં નવી દસની ચલણી નોટો રિઝર્વ બેંક દ્વારા ઘણા મહિનાઓથી ફાળવવામાં આવતી નથી. જેને કારણે જૂની દસની નોટો પણ ચલણમાં ઓછી જોવા મળે છે. તેમજ રૂપિયા પાંચના સિક્કાની તંગી જોવા મળે છે. આ અંગે વેપારીઓની સંસ્થા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દવારા દસની નવી ચલણી નોટો અને પાંચના સિક્કા પૂરતા પ્રમાણમાં ફળવા માટે રજૂઆત કરે તેવી વેપારીઓની માંગણી છે.

# શ્રી મોઢ માંડલીયા વણિક જ્ઞાતી યુવક મંડળ જૂનાગઢ દ્વારા મોઢેશ્વરી માતાજીનો પાટોત્વસ ઉજવાશે

જૂનાગઢ તા. ૨૨

આગામી તા.૨૫-૨-૨૪ ને રવિવારના રોજ શ્રી મોઢ માંડલીયા વણિક જ્ઞાતિ યુવક મંડળ દ્વારા જૂનાગઢ ખાતે માં મોઢેશ્વરી માતાજીનું પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે નવચંડી યજ્ઞનું આયોજન કરાયું છે. સમગ્ર જ્ઞાતિજનો આ પ્રસંગને ખુબજ હર્ષોલ્લાસ પુર્વક ઉજવશે. વિશેષમાં આ કાર્ય માટે યુવક મંડળના પ્રમુખ હિતેષભાઈ ગઢીયા, ઉપપ્રમુખ પ્રતિકભાઈ પારેખ, મંત્રી અજયભાઈ ગાંધી, ખજાનચી દિલીપભાઈ તેમજ સભ્યો પંકજભાઈ, નિલેશભાઈ, સંદીપભાઈ, જયમીનભાઈ, પરેશભાઈ, સુધીરભાઈ અને ભવ્યનભાઈ જહેમત ઉઠાવી રહયા છે.

## સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે અમરેલીના સામાજીક અગ્રણી

# નિલેશભાઈ દેસાઈ અને કિરણબેનના સુપુત્ર 'પરમ'નો જન્મદિવસ મનોરોગી બહેનો વચ્ચે ઉજવ્યો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨૨

સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે અમરેલીના સામજીક અગ્રણી નિલેશભાઈ દેસાઈ અને કિરણબેનના સુપુત્ર પરમના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સુરતથી ખાસ પધારેલા અગ્રણી ઉદ્યોગપતિ કિશોરભાઈ કિકાણી તેમજ હરીદ્વારથી પધારેલ સ્વામિનારાયણ સંપ્રદાયના સંત યજ્ઞાપુરૂષ સ્વામિ અને નિલેશભાઈ દેસાઈનો પરિવાર મનોરોગી બહેનો સાથે પરમનો જન્મદિવસ ઉજવી પોતાની સામાજીક ફરજ અદા કરી



નિલેશભાઈ અને કિરણબેન દ્વારા પરિવાર સાથે માનવ મંદિરે જન્મદિવસ પ્રથમ વખત ઉજવવા ઓલા અને મનોરોગી ૬૨ જેટલી બહેનોને મિષ્ટ ભોજન કરાવવામાં આવેલ હતું. તેમજ મનોરોગી બહેનોના જીવનમાં આનંદ અને ઉલ્લાસ આવે એ હેતુસર ભક્તિરામ બાપુની આ સેવામાં સહયોગી બનવાનો પ્રયાસ કર્યો હતો. આમ દેસાઈ પરિવારે તેમના સુપુત્ર 'પરમ'ના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરી હતી.





# માણાવદરની રૂા. ૯.૩૦ લાખની ચકચારી લુંટના બનાવમાં ફરીયાદી જ આરોપી નીકળ્યો ! ધરપકડ

## માણાવદર નગરપાલિકાનાં ભૂતપૂર્વ પ્રમુખ અને ભાજપનાં આગેવાન દિનેશ ગોવિંદ કાલરીયાએ બનાવટી સ્ટોરી ઉભી કરી લુંટની ખોટી ફરીયાદ નોંધાવી હતી


જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ જીલ્લાનાં માણાવદર ખાતે ગત તા. ૧૩ ફેબ્રુઆરીનાં રોજ રૂા. ૯.૩૦ લાખની લુંટનાં બનાવ અંગે ફરીયાદ નોંધાઈ હતી જે અંગેની તપાસ બાદ આ લુંટની ફરીયાદ ખોટી હોવાનું અને ફરીયાદી જ આરોપી હોવાનું બહાર આવતા આ સમગ્ર ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો છે. આ અંગે જૂનાગઢનાં ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે માણાવદર નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ તેમજ ભાજપનાં આગેવાન અને કપાસનાં દલાલ તરીકેનો ધંધો કરતા દિનેશ ગોવિંદભાઈ કાલરીયાએ ગત તા. ૧૩ ફેબ્રુઆરીનાં રોજ તેમની પાસે રહેલા પેમેન્ટનાં પૈસાની અજાણ્યા શખ્સો લુંટ કરી ગયા હોવાની પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. જેમાં ફરીયાદી અને હવે આરોપી બનેલા દિનેશ કાલરીયાએ ત્રણ અજાણ્યા શખ્સો સામે તેમને મોટર સાયકલ ઉપરથી પછાડી દઈ અને રૂા. ૯.૩૦ લાખની થેલીની લુંટ ચલાવી નાશી છુટવા અંગે ફરીયાદ નોંધાવી હતી. આ બનાવની સઘન તપાસ કરતાં ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ વિગત આપતા કહયું કે ફરીયાદીનાં અને સાહેદોનાં નિવેદનમાં વિસંગતતા જણાઈ આવેલ. તેથી સીસી ટીવી ફુટેજ તેમજ યુકિતપ્રયુકિત પૂર્વક ઉલટ તપાસ કરતાં ફરીયાદી જ ભાંગી પડેલ અને એવું જણાવેલ કે વંથલીની કોર્ટમાં એક કેસનો ચુકાદો આવવાનો હોય અને જેમાં રૂા. ૧૫ લાખ જેવી રકમ ભરવાની થતી હોય તે રકમની વ્યવસ્થા કરવા તેણે રૂા. ૯.૩૦ લાખની લુંટની ખોટી અને બનાવટી સ્ટોરી ઉભી કરી હતી. અને ફરીયાદ નોંધાવી હતી.

પરંતુ પોલીસની પુછપરછમાં દિનેશ ગોવિંદ કાલરીયાએ ઉપરોકત કબુલાત કરતા ફરીયાદી જ આરોપી નીકળતા પોલીસે આ બનાવમાં અગાઉ ફરીયાદી અને હવે આરોપી બનેલા દિનેશ કાલરીયાની ધરપકડ કરી મુદામાલ રીકવર કરેલ હોવાનું જણાવે છે. આમ રૂા. ૯.૩૦ લાખની લુંટની ફરીયાદ ખોટી નીકળતા અને ફરીયાદી જ આરોપી નીકળતા પોલીસે તે મુજબની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રમાં આજે વિશ્વકર્મા જયંતિની ભાવભેર ઉજવણી






જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે વિશ્વકર્મ જયંતિની ભાવપુર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. અને અનેકવિધ કાર્યકર્મો આજે યોજાઈ રહયા છે. આ દરમ્યાન જૂનાગઢમાં શ્રી વિશ્વકર્મા ઉત્સવ સમીતી સમસ્ત લુહાર સમાજ જૂનાગઢ દ્વારા વિશ્વકર્મા જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. અને જે અંતર્ગત આજે તા. ૨૨-૨-૨૪ને ગુરૂવારનાં રોજ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. આજે બપોરે બે વાગ્યે ગાંધીગ્રામ ગરબી ચોકથી મોટર સાયકલો, વિશ્વકર્મા દાદાનો રથ અને સુશોભિત ફલોટો સાથે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવેલ છે. આ શોભાયાત્રા શહેરનાં મુખ્ય માર્ગ એવા ગાંધીગ્રામ ગરબી ચોકથી ભુતનાથ મંદિર રોડ, મોતીબાગ, સરદારબાગ, ઝાંઝરડા રોડ, ઝાંઝરડા ચોકડીથી સત્યમ પાર્ટી પ્લોટ ખાતે આ શોભાયાત્રા પહોંચશે. ત્યારબાદ વિશ્વકર્મા દાદાની મહાઆરતી સંતો, મહેમાનો અને સમીતીનાં સભ્યોની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. સંતો દ્વારા આર્શિવચન તેમજ મહાનુભાવોનું પ્રાસંગીક પ્રવચન યોજાશે અને મહાપ્રસાદનો કાર્યક્રમ પણ યોજાશે તેમ એક યાદીમાં જણાવેલ છે. આજે સમગ્ર સૌરાષ્ટ્રમાં વિશ્વકર્મા જયંતિની ઉજવણી અંતર્ગત પુજન, અર્ચન, આરતી, મહાપ્રસાદ, શોભાયાત્રા સહીતનાં કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે.

# જૂનાગઢમાં સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સિનિયર સીટીઝનની રચના કરવામાં આવી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ સમસ્ત સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મ સમાજ દ્વારા કરાયેલ સૌરાષ્ટ્ર-કચ્છ સિનીયર સિટીઝન બ્રહ્મ સમાજની રચનામાં પ્રમુખ તરીકે રમેશભાઈ મહેતા તથા ઉપપ્રમુખ તરીકે લલીતભાઈ દવે તથા સહમંત્રી તરિકે નરેશભાઈ રાજયગુરૂની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ત્યારે આ તકે નવા વરાયેલા હોદેદારોને સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢના પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદીએ શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારે નવ નિયુકત પ્રમુખે આ તકે પોતાનો પ્રતિભાવ આપતાં સિનિયર સિટીઝન બ્રહ્મ સમાજની રચના કરવા પાછળનો ઉદેશ શું છે તે વિશે જણાવતાં કહ્યું હતું કે સાઈઠ વર્ષ પછીનું જીવન ઘણીવાર માણસને એકલતાં તરફ ધકેલી દેતું હોય છે. ત્યારે આવા સમયે આવું કોઈ ગૃપ હોય તો તે તેની સાથે આત્મીયતા દાખવી શકે તેના પ્રશ્નો અને કોઈ સમસ્યા હોયતો તેનું નિવારણ કરી શકે જેથી તેના જીવનમાં તેઓને એકલતાં જેવું ન લાગે અને આ જ હેતુથી અને આ જ વિચાર સાથે આ ગૃપની જૂનાગઢમાં રચના કરવામાં આવી છે તેમ અંતમાં જણાવ્યું હતું. ત્યારે આ નવી રચનાને એક સાથે સર્વ બ્રહ્મ સમાજના જ્ઞાતીજનોએ વધાવી લીધી હતી.

# જૂનાગઢ જિલ્લામાં ધો.૧૨ બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો : ૧૬૯૯ છાત્રોની ઘટ : ૭ બિલ્ડીંગ ઓછી કરાઇ

જિલ્લા હેલ્પલાઇન સેન્ટરની યાદી

| SVS નું નામ | કન્વીનરનું નામ | મોબાઇલ નંબર |
|---|---|---|
| જૂનાગઢ શહેર | જયશ્રીબેન રંગોલીયા | 94280 86079 |
| જૂનાગઢ ગ્રામ્ય | રેખાબેન કોટડીયા | 94283 78556 |
| વંથલી | બી.બી. વાગડીયા | 99250 88077 |
| માણાવદર | દેવેન્દ્રસિંહ ચુડાસમા | 98792 18588 |
| કેશોદ | પી.એસ. ભૂવા | 98793 37228 |
| માળીયા હાટીના | માનસિંહભાઇ ડોડીયા | 9924720408 |
| માંગરોળ | એન.જે. ભટ્ટ | 90161 87424 |
| મેંદરડા | એમ.જે. ખુમાણ | 99138 17017 |
| ભેસાણ | શિલ્પાબેન ઠેસિયા | 9998390891 |
| વિસાવદર | એ.આર. સોરઠીયા | 78788 28211 |

આ વર્ષે છાત્રો, બિલ્ડીંગો, પરીક્ષા કેન્દ્રો, બ્લોકની યાદી

| વિગત | પરીક્ષા કેન્દ્રો | બિલ્ડીંગો | બ્લોક | કુલ છાત્રો |
|---|---|---|---|---|
| એસ.એસ.સી | 23 | 87 | 810 | 23,744 |
| એચએસસી(સા.પ્ર.) | 11 | 47 | 430 | 13,806 |
| એચએસસી(વિ.પ્ર.) | 3 | 16 | 170 | 3344 |
| કુલ | 37 | 150 | 1410 | 40,894 |

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ સહિત રાજયભરમાં આગામી તા.૧૧થી ૨૬ માર્ચ ૨૦૨૪ દરમ્યાન ધો.૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શરૂ થઈ રહી છે ત્યારે તે અંગેની તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે. બેઠક વ્યવસ્થા સહિત તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. જૂનાગઢ જિલ્લામાં ધોરણ ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ગત વર્ષ ૨૦૨૩ની તુલનાએ ચાલુ વર્ષ ૨૦૨૪માં વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧,૬૯૯નો ઘટાડો નોંધાયો છે. જેના કારણે પરીક્ષાના બિલ્ડીંગો ૭ ઓછા થયા છે. વર્ષ ૨૦૨૩માં ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૫,૮૦૪ અને વિજ્ઞાન પ્રવાહમાં ૩,૦૪૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જ્યારે આગામી ૧૧ થી ૨૬ માર્ચ ૨૦૨૪ની પરીક્ષામાં ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૩,૮૦૬ અને વિજ્ઞાન પ્રવાહમાં ૩,૩૪૪ વિદ્યાર્થી નોંધાયા છે. એટલે કે, ગત વર્ષ કરતાં ચાલુ વર્ષે સામાન્ય પ્રવાહમાં ૧,૯૯૮ છાત્રો ઘટ્યા અને વિજ્ઞાન પ્રવાહમાં ૨૯૯ વિદ્યાર્થીઓ વધ્યા છે. ૧૧ માર્ચથી શરૂ થનાર બોર્ડની પરીક્ષા માટે તંત્રએ તૈયારી શરૂ કરી છે. છેલ્લા બે વર્ષની વ્યવસ્થા પર નજર કરીએ તો, ૨૦૨૩માં ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૫,૮૦૪ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે ૧૧ કેન્દ્રો અને ૫૫ બિલ્ડીંગમાં વ્યવસ્થા કરાઈ હતી. જ્યારે આ વર્ષે ૧૩,૮૦૬ વિદ્યાર્થીઓ માટે ૧૧ કેન્દ્ર અને ૪૭ બિલ્ડીંગ ફાળવાયાં છે. ગત વર્ષ કરતાં સંખ્યા ઘટતાં સામાન્ય પ્રવાહમાં ૮ બિલ્ડીંગ ઓછા થયા છે. એ જ રીતે ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગત વર્ષે ૩૦૪૫ વિદ્યાર્થીઓની પરીક્ષા ૩ કેન્દ્રના ૧૫ બિલ્ડીંગમાં લેવાઈ હતી. જ્યારે ચાલુ વર્ષે ૩૩૪૪ વિદ્યાર્થીઓ માટે ૩ કેન્દ્રના ૧૬ બિલ્ડીંગમાં વ્યવસ્થા કરાઇ છે. વિજ્ઞાન પ્રવાહમાં ૨૯૯ વિદ્યાર્થીઓનો વધારો થતા એક બિલ્ડીગનો આ વર્ષે વધારો કરાયો હતો. જૂનાગઢ ઈન્ચાર્જ ડીઈઓ લત્તાબેન ઉપાધ્યાયે જણાવ્યુ કે, વર્ષ ૨૦૨૧માં ધોરણ ૧૦ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાયું હોઈ આ તમામ ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૨૩માં ધોરણ ૧૨માં આવ્યા હતા. એટલે ગત વર્ષે ધોરણ ૧૨માં સંખ્યા વધુ હોઈ તે મુજબ બિલ્ડીંગનો ઉપયોગ કરાયો હતો. વર્ષ ૨૦૨૨થી પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ઉપલા વર્ગ થઈ વર્ષ ૨૦૨૪ની ધોરણ ૧૨ની પરીક્ષા આપનાર છે. એટલે ધોરણ ૧૨માં ગત વર્ષ કરતાં આ વર્ષે સંખ્યા ઓછી લાગે છે. બીજું, ધોરણ ૧૦ પછી કેટલાક વિદ્યાર્થીઓ ડિપ્લોમા, આઈટીઆઈ સહિતના અન્ય પ્રવાહમાં પણ જતા હોઈ ધોરણ ૧૨માં સંખ્યા ઓછી થતી હોય છે.

# ભવનાથમાં યુવાનને રોડ ઉપર કાર રાખીને ફોટોશૂટ કરવાનું મોંઘુ પડ્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

ભવનાથમાં ખાખચોકની જગ્યા પાસે જાહેર રોડ ઉપર જીજે-૧૧-સીએલ-૯૦૦૪ નંબારની કાર રાખી ફોટો પડાવી જાહેર માર્ગમાં યાત્રાળુઓ તેમજ ટ્રાફિકને અડચણ ઉભી કરી હોવાનો ફોટો વાયરલ થયો હતો. વાયરલ થયેલા આ ફોટા અંગે ભવનાથ પોલીસો પોકેટ કોપમાં કારના નંબર અંગે સર્ચ કરતા કાર શહેરના ગુણાતીત નગરમાં રહેતા કેતનભાઈ નિરંજનભાઈ ઠાકરની હોવાનું ખુલ્યું છે અને તેમની કાર મધુરમ શીતલ નગરમાં રહેતા સંબંધી હિતોશભાઈ મુકેશભાઈ ભટ્ટ ભવનાથ ખાતે સમુહ જનોઈમાં લઈ ગયા હોવાનું તેમજ તેમણે ૧૮ ફેબ્રુઆરીના રોજ ટ્રાફિકને અડચણ રૂપ થાય તે રીતે કાર પાર્ક કરી ફોટો પડાવ્યો હોવાનું જણાતા પોલીસો હિતોશ ભટ્ટ વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. આમ જાહેર માર્ગ ઉપર ટ્રાફિકને અડચણ થાય તે રીતે વાહન પાર્ક કરવાનું ભારે પડી શકે.

### આહિર જ્ઞાતિ મંડળ સરદારપરા-જોષીપરા, જૂનાગઢ દ્વારા આયોજીત

# ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ તથા થેલેસેમિયા ગ્રસ્ત બાળકો તથા જરૂરીયાતમંદ દર્દીઓ માટે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

જૂનાગઢ તા. ૨૨

આહિર જ્ઞાતિ મંડળ સરદારપરા, જોષીપરા, જૂનાગઢ દ્વારા આયોજીત ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ તથા થેલેસેમિયા ગ્રસ્ત બાળકો તથા જરૂરીયાતમંદ દર્દીઓ માટે બ્લડ ડોનેશન કેમ્પ તા. ૨૫-૨-૨૪ રવિવારનાં રોજ સવારે ૯.૩૦ થી ૧.૩૦ દરમ્યાન આહિર સમાજની વાડી, હનુમાનજી મંદિર પાસે, સરદારપરા ગરબી ચોક, જોષીપરા ખાતે યોજાશે. આ કેમ્પમાં વિના મુલ્યે સેવા આપતા જૂનાગઢના ખ્યાતનામ ડોકટરશ્રીઓ ડો. રાહુલ હુંબલ, ડો. કેશુર વરૂ, ડો ઉદય જલુ, ડો. હિરેન ડાંગર, ડો. અમીત ભુવા, ડો. અજર પીઠીય, ડો. સંજય બારૈયા, ડો. હર્ષા ગાઘે, ડો. રવિ જાદવ, ડો. દર્શના બગથરીયા, ડો. અક્ષય અંબાસણા, ડો. હમીર રાજતીયા, ડો. પ્રિયાંક બગથરીયા, ડો. તન્વી કાચા, ડો. ચિરાગ સાકરીયા, કેમ્પમાં તમામ રોગનું નિદાન આયુર્વેદિક દવા ડાયાબીટીશ ટેસ્ટ બી.પી. ચેકઅપ વિના મુલ્યે કરી આપવામાં આવશે.બ્લડનું કલેકશન અને સંગ્રહ સરકારી સિવિલ હોસ્પિટલ-જૂનાગઢ દ્વારા કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલ- જૂનાગઢ તરફથી આ કેમ્પમાં લાભ લેનાર તમામ રક્તદાતાઓને સર્ટીફિકેટ આપવામાં આવશે. આ કેમ્પમાં આવતા તમામ લોકોએ માસ્ક પહેરવું હિતાવહ છે. વધુમાં વધુ લોકોને આ કેમ્પનો લાભ લેવા આહિર જ્ઞાતિ મંડળનાં આયોજક પ્રમુખ હરેશભાઈ એન. વાઘમસીની યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાંથી ૭૦ બોટલ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢનાં સરદારબાગ રોડ ઉપર ઝાંસીનાં પુતળા પાસે આવેલ નવરત્ન એપાર્ટમેન્ટનાં સાતમા માળે ફલેટ નં. ૭૦૫માં રહેતા ગીરીશ ઉર્ફે કાનો કીરીટભાઈ ઝાંઝમેરીયાનાં કબ્જામાંથી બોટલ નંગ-૭૦, મોબાઈલ ફોન-૧ મળી કુલ રૂા. ૪૮૦૬૫નાં મુદામાલ સાથે બી ડીવીઝન પોલીસે ઝડપી લઈ પ્રોહીબીશન અંતર્ગત આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં આઈસરે ત્રણ દુકાનનાં બોર્ડને કરેલ નુકશાન

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢમાં નોબલ સ્કુલ પાસે રહેતા ચિરાગ ચંદુભાઈ બુટાણીની તળાવ દરવાજા પાસે આવેલ લોલીપોલી કેક શોપ પાસે આઈસર ગાડી નં. જીજે-૧૪-એટી ૯૯૮૮નાં ડ્રાઈવર પ્રકાશ મકવાણાએ બેફીકરાઈથી વાહન ચલાવી ફરીયાદીની દુકાનમાં લાગેલ બોર્ડમાં રૂા. ૫૧ હજારનું તથા ભુમિતભાઈની રઘુવંશી કોલ્ડ કોર્નરની દુકાનનાં બોર્ડનું રૂા. ૧૯૦૦ તથા આશીષભાઈની આશીષ સ્ટેશનરી નામની દુકાનના બોર્ડમાં રૂા. ૪ હજાર મળી કુલ રૂા. ૫૬,૯૦૦નું નુકશાન કર્યાની બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

અપમૃત્યું

જૂનાગઢનાં જોષીપરામાં આવેલ અમરનાથ એપાર્ટમેન્ટમાં રહેતા યોગેશકુમાર કરશનભાઈ ભેટારીયા (ઉ.વ. ૩૨)એ કોઈપણ

# જૂનાગઢ જીલ્લાના ચાર ફોજદારોની બદલી, ત્રણ પીએસઆઈની નિમણુંક

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ જિલ્લાના ૪ ફોજદારોની બદલી અને ૩પીએસઆઈની નિમણુંક કરવામાં આવી છે. વહીવટી સરળતા ખાતર જાહેર હિતમાં એસપી હર્ષદ મહેતાએ લીવ રિઝર્વ પીએસઆઈ બી. એમ. વાઘમશીની એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં, આર. એમ. વાળાની કેશોદ, આર. ડી. વાળાની વિસાવદર પોલીસ સ્ટેશનમાં અને એ ડિવિઝન પોલીસ સ્ટેશનના ડી. એમ. જાદવની લીવ રિઝર્વમાં બદલી કરી છે. આ ઉપરાંત જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એ. ગઢવીની જૂનાગઢ રેન્જ સાયબર પોલીસ સ્ટેશનમાં, ભેસાણ પોલીસ સ્ટેશનના ડી. કે. સરવૈયાની જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં અને લીવ રિઝર્વ પીએસઆઇ એમ.એન. કાતરીયાની ભેસાણ પોલીસ સ્ટેશનમાં નિમણુંક કરવામાં આવી હતી. આ રીતે ટ્રાન્સફર કરીને જૂનાગઢ જિલ્લામાં કાયદા વ્યવસ્થાની સ્થિતીને વધારે મજબુત બનાવવા માટે જાહેરહિતમાં બદલી કરાઈ છે.